dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 267 | AD - 2026, Jeth Vad -04 | Friday, Dt. 03-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### જાપાનના વડાપ્રધાન સના તકાઈચીના ભારત પ્રવાસ દરમિયાન

# ભારત-જાપાન વચ્ચે અનેક મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સહયોગ વધારવા સહમતી

નવી દિલ્હી, તા. ૦૨

ભારત અને જાપાન વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત અને વ્યાપક બનાવવા માટે મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. જાપાનના વડાપ્રધાન સના તકાઈચીના ભારત પ્રવાસ દરમિયાન બંને દેશો વચ્ચે ફાર્માસ્યુટિકલ, સંરક્ષણ, સેમિકન્ડક્ટર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સપ્લાય ચેન, આર્થિક રોકાણ અને નવી ઉભરતી ટેકનોલોજી જેવા અનેક મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે સહમતી વ્યક્ત કરવામાં આવી છે. બંને દેશોની આ મુલાકાતને વ્યૂહાત્મક ભાગીદારીના નવા તબક્કા તરીકે જોવામાં આવી રહી છે.દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાનના વડાપ્રધાન સના તકાઈચી વચ્ચે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન બંને દેશોના પ્રતિનિધિમંડળોએ વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરી હતી. આ સાથે બંને દેશોની હાજરીમાં અનેક મહત્વપૂર્ણ મેમોરેન્ડમ ઓફ કોઓપરેશન પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરારો દ્વારા સંરક્ષણ, ઔદ્યોગિક વિકાસ, રોકાણ, ટેકનોલોજી અને આર્થિક સહકારને વધુ વેગ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા વડાપ્રધાન મોદીએ સના તકાઈચીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. તેમણે સના તકાઈચીને પોતાની "નાની બહેન" તરીકે સંબોધિત કરતા જણાવ્યું કે તેમની પ્રથમ ભારત મુલાકાત બંને દેશોના સંબંધો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે જણાવ્યું કે સના તકાઈચી જાપાનના પ્રથમ મહિલા વડાપ્રધાન



છે અને દુરંદેશી નેતા તરીકે નવી દિશામાં દેશનું નેતૃત્વ કરી રહ્યા છે. મોદીએ જાપાનના નારા પ્રાંતનો પણ ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું હતું કે ભારત અને જાપાન વચ્ચેના બૌધ્ધ સાંસ્કૃતિક સંબંધો ઘણા વર્ષોથી બંને દેશોને નજીક લાવતા રહ્યા છે. આ ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધો આજે આધુનિક આર્થિક અને વ્યૂહાત્મક ભાગીદારીમાં પણ મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે તાજેતરમાં યોજાયેલા જી-૭ શિખર સંમેલન દરમિયાન પણ બંને દેશોના નેતાઓ વચ્ચે અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. વૈશ્વિક સ્તરે વધી રહેલા પડકારો અને અનિશ્ચિતતા વચ્ચે પરસ્પર વિશ્વાસ બંને દેશોની સૌથી મોટી વ્યૂહાત્મક તાકાત બની રહ્યો છે. ભારત અને જાપાન વચ્ચેની મિત્રતા સમયની દરેક કસોટી પર ખરી ઉતરી છે. તેમણે જણાવ્યું કે છેલ્લા ઘણા દાયકાઓથી જાપાને ભારતના ઔદ્યોગિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. ઓટોમોબાઈલ, ઈલેક્ટ્રોનિક્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આધુનિક ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં જાપાની કંપનીઓએ મોટા પ્રમાણમાં રોકાણ કરીને ભારતના વિકાસમાં ભાગીદારી નોંધાવી છે. હવે નવી ટેકનોલોજી, સેમિકન્ડક્ટર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા ક્ષેત્રોમાં પણ બંને દેશો સાથે મળીને આગળ વધશે. બેઠક દરમિયાન બંને દેશોએ હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં શાંતિ, સ્થિરતા અને નિયમ આધારિત વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાની પોતાની પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. બંને નેતાઓએ જણાવ્યું કે ખુલ્લો, સુરક્ષિત અને સમૃધ્ધ ઈન્ડો-પેસિફિક વિસ્તાર સમગ્ર વિશ્વ માટે મહત્વપૂર્ણ છે અને આ દિશામાં ભારત તથા જાપાન મળીને સતત કામ કરશે. ભારત અને જાપાન વચ્ચેનો સંબંધ માત્ર વેપાર અને રોકાણ સુધી સીમિત નથી પરંતુ પરસ્પર વિશ્વાસ, લોકશાહી મૂલ્યો, વિકાસ અને વૈશ્વિક શાંતિના સમાન હિતો પર આધારિત છે. બંને દેશોએ આગામી વર્ષોમાં આ ભાગીદારીને વધુ ગાઢ બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# એડનની ખાડીમાં ભારતીય નૌસેનાની કાર્યવાહીને કારણે સમુદ્રી લૂંટારાઓનો હુમલો નિષ્ફળ

નવી દિલ્હી,તા.૦૨



એડનની ખાડીમાં ભારતીય નૌસેનાએ સમયસર કાર્યવાહી કરીને સમુદ્રી લૂંટારાઓના હુમલાને નિષ્ફળ બનાવ્યો છે. ભારતીય વેપારી જહાજ ગોલ્ડન આસ્નેનલ પર સમુદ્રી લૂંટારાઓએ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ નૌસેનાની ઝડપી કામગીરીના કારણે તેમનો પ્રયાસ સફળ થઈ શક્યો નહોતો. જહાજમાં રહેલા તમામ ક્રૂ સભ્યો સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે.હુમલા દરમિયાન જહાજના એક ક્રૂ સભ્યે ભારે સૂઝબૂઝ દાખવી હતી. તેણે પોતાની સુરક્ષા માટે પોતાને એક રૂમમાં બંધ કરી દીધા હતા અને ત્યારબાદ ઉપગ્રહ સંચાર વ્યવસ્થા દ્વારા ભારતીય નૌસેનાને સમગ્ર ઘટનાની જાણ કરી હતી. માહિતી મળતા જ ભારતીય યુદ્ધ જહાજ ત્રિકંદ તાત્કાલિક ઘટનાસ્થળ તરફ રવાના થયું હતું. નૌસેનાનું જહાજ નજીક આવી રહ્યું હોવાની જાણ થતાં જ સમુદ્રી લૂંટારાઓ જહાજ છોડીને ફરાર થઈ ગયા હતા.ત્યારબાદ ભારતીય નૌસેનાના વિશેષ મરીન કમાન્ડો માર્કોસે જહાજ પર ચડી સંપૂર્ણ તપાસ હાથ ધરી હતી. જહાજમાં કોઈ સમુદ્રી લૂંટારો છુપાયો છે કે અન્ય કોઈ પ્રકારનો ખતરો છે કે નહીં તેની સઘન ચકાસણી કરવામાં આવી હતી. તપાસ પૂર્ણ થયા બાદ જહાજને સંપૂર્ણ સુરક્ષિત જાહેર કરવામાં આવ્યું હતું અને આગળની મુસાફરી માટે મંજૂરી આપવામાં આવી હતી. એડનની ખાડી વિશ્વના સૌથી વ્યસ્ત સમુદ્રી વેપાર માર્ગોમાંની એક ગણાય છે. આ માર્ગ પરથી અનેક દેશોના વેપારી જહાજો અવરજવર કરે છે. અગાઉ પણ અહીં સમુદ્રી લૂંટારાઓ દ્વારા અનેક હુમલાની ઘટનાઓ બની ચૂકી છે. ભારતીય વેપારી જહાજો પણ આયાત અને નિકાસ માટે આ માર્ગનો નિયમિત ઉપયોગ કરે છે. તેથી ભારતીય નૌસેના આ સમગ્ર વિસ્તારમાં સતત નજર રાખી રહી છે

# જમ્મુથી અમરનાથયાત્રાનો પ્રથમ જથ્થો રવાના, 'બમ-બમ ભોલે'ના જયઘોષથી ગુંજ્યું વાતાવરણ

જમ્મુ,તા.૦૨



જમ્મુના ભગવતી નગર યાત્રી નિવાસથી ગુરુવારે વહેલી સવારે ૪ વાગ્યે અમરનાથ યાત્રાનો પ્રથમ જથ્થો ભક્તિમય વાતાવરણ વચ્ચે રવાના થયો હતો. ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ શ્રદ્ધાળુઓને લીલી ઝંડી બતાવી યાત્રાની શરૂઆત કરાવી હતી. 'બમ-બમ ભોલે'ના જયઘોષ સાથે શ્રદ્ધાળુઓ બાબા બર્ફાનીના દર્શન માટે ઉત્સાહભેર નીકળ્યા હતા. આ વર્ષે અમરનાથ યાત્રા ૩ જુલાઈથી શરૂ થઈ છે અને ૨૮ ઓગસ્ટના રોજ રક્ષાબંધન સુધી ચાલશે. યાત્રા પહેલગામ અને બાલટાલ એમ બંને માર્ગોથી યોજાઈ રહી છે. પ્રથમ જથ્થામાં માત્ર અગાઉથી નોંધણી કરાવનાર, RFID કાર્ડ મેળવનાર અને ઈ-કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરનાર શ્રદ્ધાળુઓને જ સામેલ કરવામાં આવ્યા હતા. આ વર્ષે અત્યાર સુધીમાં લગભગ ૪ લાખ શ્રદ્ધાળુઓએ યાત્રા માટે નોંધણી કરાવી છે. યાત્રાળુઓની સુરક્ષા અને સુવિધાને ધ્યાનમાં રાખીને પ્રશાસન દ્વારા કડક સુરક્ષા વ્યવસ્થા, મેડિકલ ટીમો, પરિવહન, રહેઠાણ, પીવાના પાણી, વીજળી તેમજ હેલ્પ ડેસ્ક સહિતની તમામ જરૂરી તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. બુધવારે મનોજ સિન્હાએ બેઝ કેમ્પની મુલાકાત લઈ તમામ વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું.

બીજી તરફ ચારધામ યાત્રામાં પણ શ્રધ્ધાળુઓનો ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ૩૦ જૂન સુધીમાં બદ્રીનાથમાં ૧૩.૯૨ લાખ અને કેદારનાથમાં ૧૩.૬૮ લાખથી વધુ શ્રધ્ધાળુઓ દર્શન કરી ચૂક્યા છે.

### ૪૦ ફૂટ ઊંચાઈથી ખડક તૂટીને પડતાં અનેક મજૂરો દટાયા

# કર્ણાટકમાં પથ્થરની ખાણમાં ખડક ધસી પડતાં ૯ મજૂરોના મોત

બેંગલુરૂ,તા.૦૨



કર્ણાટકના બેંગલુરુ દક્ષિણ તાલુકા વિસ્તારમાં ગુરુવારે સવારે પથ્થરની ખાણમાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી. લગભગ ૪૦ ફૂટની ઊંચાઈ પરથી વિશાળ ખડક ધસી પડતાં બિહારના ૯ મજૂરોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. અકસ્માત સમયે ખાણમાં અંદાજે ૧૮ જેટલા મજૂરો કામ કરી રહ્યા હતા. અચાનક ખડક તૂટી પડતાં મજૂરોને બચવાનો કોઈ મોકો મળ્યો નહોતો અને અનેક લોકો કાટમાળ નીચે દટાઈ ગયા હતા. દુર્ઘટનાની જાણ થતાં જ પોલીસ તેમજ બચાવ દળ તરત જ ઘટનાસ્થળે પહોંચ્યું હતું અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. ભારે કાટમાળ હટાવવાની કામગીરી હજુ પણ ચાલુ છે. કાટમાળ નીચે હજુ અન્ય મજૂરો ફસાયેલા હોવાની આશંકાને ધ્યાનમાં રાખીને સતત શોધખોળ કરવામાં આવી રહી છે. ઘાયલ થયેલા મજૂરોને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. જોકે ઘાયલોની ચોક્કસ સંખ્યા અંગે હજુ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી. પોલીસના જણાવ્યા મુજબ મૃત્યુ પામેલા તમામ મજૂરો દૈનિક મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેઓ પથ્થર તોડવાના સ્થળે કામ કરતા હતા. મૃતકોના પરિવારજનોને ઘટનાની જાણ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અકસ્માત કેવી રીતે સર્જાયો અને ખાણમાં જરૂરી સુરક્ષા નિયમોનું પાલન કરવામાં આવતું હતું કે નહીં તેની તપાસ શરૂ કરવામાં આવી છે.ઘટનાસ્થળે કામ કરતા મશીન ચાલકે જણાવ્યું હતું કે કામ શરૂ કરતાની સાથે જ પહાડનો એક ભાગ અચાનક ધસી પડ્યો હતો. ઘટનાની ગંભીરતા જોતા રાજ્ય સરકાર દ્વારા જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની ખાતરી આપવામાં આવી છે.












# લોકસભામાં ભાજપનું મિશન-૩૬૦ને પાર કરવાનુ લક્ષ્ય

નવી દિલ્હી,તા.૦૨

લોકસભામાં મહિલા અનામત અને સીમાંકન સંબંધિત બિલ પર આંચકો મળ્યા બાદ ભાજપે હવે સંસદમાં બે-તૃતીયાંશ બહુમતી મેળવવા માટે 'મિશન ૩૬૦'ને વધુ ગતિ આપી છે.

પાર્ટીનું લક્ષ્ય માત્ર એક બિલ પૂરતું સીમિત નથી, પરંતુ એક દેશ-એક ચૂંટણી, ન્યાયિક સુધારા સહિતના મોટા બંધારણીય ફેરફારો માટે જરૂરી સુપર મેજોરિટી મેળવવાનું છે. આ માટે ભાજપે રાજકીય સમીકરણો બદલવાની તૈયારીઓ શરૂ કરી છે. વિરોધ પક્ષોમાં ભંગાણ ઉભું કરવું, નવા સાથી પક્ષોને સાથે જોડવા તેમજ જરૂર પડ્યે મહત્વના મતદાન સમયે વિપક્ષની ગેરહાજરીનો લાભ લેવા જેવા તમામ વિકલ્પો પર વિચાર ચાલી રહ્યો છે. પક્ષનું લક્ષ્ય ચોમાસુ સત્ર સુધીમાં અનુકૂળ સંખ્યાબળ ઊભું કરીને મહત્વના સુધારાઓ માટે માર્ગ સરળ બનાવવાનું છે.

સંજોગ ન્યૂઝ
# આપણું અમરેલી
શુક્રવાર, તા.૦૩-૦૭-૨૦૨૬

## બગસરામાં પહેલા જ વરસાદમાં PGVCLની પ્રી-મોન્સૂન કામગીરીના ધજાગરા

બગસરા, તા. ૦૨

બગસરામાં ચોમાસાની સીઝનનો પહેલો જ વરસાદ ખાબકતાની સાથે જ સ્થાનિક PGVCL તંત્રની પ્રી-મોન્સૂનની પોકળ કામગીરીની પોલ ખુલ્લી પડી ગઈ છે.

પહેલા જ વરસાદમાં સમગ્ર પંથકમાં વીજ ફોલ્ટની હારમાળા સર્જાઈ હતી અને વારંવાર પાવર કટ થવાના કારણે સ્થાનિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. તંત્રની આ લાપરવાહીના કારણે માસૂમ બાળકોના જીવ પણ જોખમમાં મુકાયા હતા. બગસરાની સરકારી કન્યા પ્રાથમિક શાળાની બિલકુલ બાજુમાં આવેલા વીજ ટ્રાન્સફોર્મરમાં વરસાદને કારણે સતત ધડાકા શરૂ થયા હતા, જેના કારણે બાળકો સતત બે થી અઢી કલાક સુધી ડરના ઓથાર હેઠળ સમય પસાર કરવા મજબૂર બન્યા હતા. આ ગંભીર ઘટના અંગે સ્થાનિકો અને શાળા પ્રશાસન


તસવીર : હાર્દિક બામટા

દ્વારા તાત્કાલિક PGVCL કચેરીએ તેમજ કોલ સેન્ટરમાં ફરિયાદ નોંધાવવામાં આવી હોવા છતાં, સ્થાનિક તંત્રના પેટનું પાણી હલ્યું નહોતું અને કલાકો સુધી કોઈ જ કાર્યવાહી કરવામાં આવી ન હતી. આ આખી ઘટનામાં સૌથી વધુ આઘાતજનક અને શરમજનક બાબત એ છે કે, વીજ રિપેરિંગ અથવા લાઈન બંધ કરવા જેવા સ્થાનિક કક્ષાના સામાન્ય મુદ્દા માટે પણ છેક રાજ્યના મુખ્યમંત્રીના કાર્યાલયે (CMO) દખલગીરી કરવી પડી હતી. જ્યારે આ બાબત મુખ્યમંત્રીના ધ્યાને આવી ત્યારે મુદ્દાની ગંભીરતાને ધ્યાને લઈ મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા ત્યાં આવેલા ચાર વીજ ટ્રાન્સફોર્મરોને સત્વરે ત્યાંથી દૂર કરવા કડક ટેલિફોનિક સૂચનાઓ આપી હતી.

## બાબરા પોલીસ સ્ટેશનના ગૂનાનો નાસતો-ફરતો આરોપી ઝડપાયો

બાબરા,તા.૦૨

બાબરા પોલીસ સ્ટેશનના પીઆઈ આર.આર. પરમારના માર્ગદર્શન હેઠળ પોલીસે લાંબા સમયથી ફરાર આરોપીને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. બાબરા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબીશન એક્ટની વિવિધ કલમો મુજબ નોંધાયેલા ગુનામાં છેલ્લા



અંદાજે આઠ મહિનાથી નાસતા ફરતા આરોપી કુલદીપભાઈ ભાભલુભાઈ ખાચર (ઉંમર ૨૭), રહે. મોટા સયડા, તા. જી.બોટાદને પોલીસે ટેક્નિકલ વર્કઆઉટ તેમજ હ્યુમન સોર્સની ચોક્કસ માહિતીના આધારે ટ્રેક કરીને ઝડપી પાડ્યો હતો. આરોપીની ધરપકડ કર્યા બાદ તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## રાષ્ટ્રીય ડોક્ટર દિવસ નિમિત્તે ગજેરા કેમ્પસમાં વિદ્યાર્થીઓ માટે આરોગ્ય નિદાન કેમ્પ યોજાયો

અમરેલી,તા.૦૨

રાષ્ટ્રીય ડોક્ટર દિવસ નિમિત્તે અમરેલીના શાંતાબેન હરીભાઈ ગજેરા કેમ્પસ, વિદ્યાસભા ખાતે વિદ્યાર્થીઓ માટે વિશાળ નિ:શુલ્ક આરોગ્ય નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિદાન કેમ્પનું આયોજન શાંતાબા જનરલ હોસ્પિટલ તથા લાયન્સ



ક્લબ અમરેલી મેઈનના સહયોગથી કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન આંખ, દાંત સહિત વિવિધ આરોગ્ય સંબંધિત નિષ્ણાત તબીબો દ્વારા વિદ્યાર્થીઓનું આરોગ્ય નિદાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા તથા મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરાએ ડોક્ટરો, લાયન્સ ક્લબ અમરેલી મેઈનના હોદ્દેદારો, સ્વયંસેવકો અને સમગ્ર આયોજનમાં જોડાયેલા તમામ ટીમ સભ્યોને અભિનંદન પાઠવી તેમની સેવાભાવનાને બિરદાવી હતી.

## બાબરા પંથકમાં વરસાદ માટે અમરાપરા ગામના યુવાનોએ ૧૫૧ કિલો લાડુ શ્વાનને ખવડાવ્યા

બાબરા,તા.૦૨

બાબરા તાલુકાના અમરાપરા ગામમાં વરસાદ માટે અનોખો સેવાયજ્ઞ યોજાયો હતો. ચોમાસાની ઋતુ શરૂ થયા બાદ પણ બાબરા પંથકમાં પૂરતો વરસાદ ન વરસતા ખેડૂતોમાં ચિંતાનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. વરસાદ માટે લોકો વિવિધ ધાર્મિક અને લોકપરંપરાગત ઉપાયો કરી રહ્યા છે. આ દરમિયાન



અમરાપરા ગામના યુવાનોએ ૧૫૧ કિલો લાડુ તૈયાર કરીને ગામની શેરીએ-શેરી ફરી શ્વાનને ખવડાવવાનો અનોખો કાર્યક્રમ યોજ્યો હતો. લોકમાન્યતા અનુસાર શ્વાનને લાડુ ખવડાવવાથી ઈન્દ્રદેવ પ્રસન્ન થાય છે અને સારો વરસાદ વરસે છે તેવી શ્રધ્ધા સાથે આ આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ગામના અનેક યુવાનો સેવાભાવ સાથે જોડાયા હતા અને સૌએ મળીને આ સેવાયજ્ઞને સફળ બનાવ્યો હતો. ગામમાં આ અનોખી પહેલને લોકો દ્વારા પણ આવકાર મળ્યો હતો.

## રાજુલામાં વેપારી પર લોખંડના પાઈપ અને લાકડી વડે ઘાતકી હુમલો

**જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી**

રાજુલા, તા. ૦૨

રાજુલા શહેરની મુખ્ય બજારમાં આવેલી 'ફખરી હાર્ડવેર' નામની દુકાનના ૬૦ વર્ષીય વેપારી કેઝારભાઈ ફખરૂદિનભાઈ હથીયારી પર ચાર શખ્સોએ પૂર્વ આયોજિત ગુનાહિત કાવતરું રચી જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ હુમલા પાછળ જૂની અદાવત અને દુકાને સામાન ખરીદવા બાબતે થયેલી ભાવતાલની ઉગ્ર બોલાચાલી મુખ્ય કારણ હોવાનું બહાર આવ્યું છે. લોખંડના પાઈપ અને લાકડીઓ વડે કરાયેલા આ ઘાતકી હુમલામાં વેપારીને જમણા હાથે બે ફ્રેક્ચર સહિત શરીરે ગંભીર ઈજાઓ પહોંચી છે, તેમજ આરોપીઓએ તેમની ઈલેક્ટ્રિક મોટરસાયકલમાં તોડફોડ કરી નુકસાન પહોંચાડ્યું છે અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી છે.આ ઘટના અંગે વેપારીએ રિઝવાનભાઈ ડેસર, તહેસીન રિઝવાનભાઈ ડેસર, રોનકભાઈ ગીરીશભાઈ શાહ અને મન નિલેષભાઈ કંસારા સામે રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે રિઝવાન ડેસર દુકાને સામાન ખરીદવા આવ્યો હતો અને ભાવતાલ બાબતે ઉગ્ર બોલાચાલી થતા તે ગાળો આપીને ચાલ્યો ગયો હતો. આ વિવાદનો બદલો લેવા ચારેય આરોપીઓએ કાવતરું રચ્યું હતું. યોજના મુજબ મન કંસારાએ વેપારીને ફોન કરીને સામાન લેવાના બહાને બોલાવ્યા હતા. વેપારી જ્યારે ત્યાંથી પોતાની મોટરસાયકલ પર પરત ફરી રહ્યા હતા, ત્યારે રસ્તામાં મન કંસારા અને રોનક શાહે તેમનો રસ્તો રોકી પાઈપ અને લાકડીઓ વડે હુમલો કરી દીધો હતો. હુમલા બાદ રિઝવાન ડેસરે બેફામ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને તમામ આરોપીઓ નાસી છૂટ્યા હતા.

## અમરેલી જિલ્લા યુવા ભાજપ ઉપપ્રમુખની નિમણૂંક

બાબરા,તા.૦૨

બાબરા તાલુકાના સુખપર ગામના વતની અને આહીર સમાજના અગ્રણી રણમલભાઈ જેઠશુરભાઈ કોઠીવાળની અમરેલી જિલ્લા યુવા ભાજપના ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે.




લાંબા સમયથી ભાજપ સંગઠનમાં સક્રિય રહી સેવાભાવથી કાર્ય કરતા રણમલભાઈને મહત્વની જવાબદારી સોંપાઈ છે. તેમની નિમણૂકને બાબરા તાલુકા, આહીર સમાજ, ભાજપના આગેવાનો, કાર્યકર્તાઓ અને વિવિધ ક્ષેત્રના લોકોએ આવકારી અભિનંદન પાઠવ્યા છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

## દામનગરમાં પીજીવીસીએલ દ્વારા પ્રા.શાળા નં. ૧માં વીજ સલામતી ચિત્ર સ્પર્ધા અને ઈનામ વિતરણ

દામનગર,તા.૦૨



ઓફિસ દામનગર દ્વારા પીએમ શ્રી દામનગર પ્રાથમિક શાળા નંબર ૧ માં "Today's Awareness, Tomrorow's Prevention" થીમ ઉપર વીજ સલામતી સપ્તાહ અંતર્ગત ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં શાળાના આશરે ૨૪૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધામાં એકથી ત્રણ નંબર મેળવનાર વિજેતાઓને પ્રમાણપત્ર અને ઈનામ પીજીવીસીએલ દામનગરના નાયબ ઈજનેર એમ. એમ. પટેલ, જુનિયર એન્જિનિયર એ. કે. જાદવ, જુનિયર ક્લાર્ક હિતેશભાઈ ઘાટલીયા, નગરપાલિકાના શિક્ષણ સમિતિના ચેરમેન ધ્રુવભાઈ ભટ્ટ, નગરપાલિકાના સદસ્ય સચિનભાઈ બોખા, શાળાના આચાર્ય વિસાણીભાઈ તથા રિપોર્ટર અતુલ શુક્લાના હસ્તે અર્પણ કરાયા હતા.

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

YJ યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

-:: જાહેર નોટીસ ::-

### -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.173/2026
જન્મ તારીખ : 24/11/1998

શ્રી જુમાભાઈ અલ્લારખાભાઈ ઢોકી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી
ગ્રામ પંચાયત, મુળ દ્વારકા, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી જુમાભાઈ અલ્લારખાભાઈ ઢોકી, રહે.મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી જુમાભાઈ અલ્લારખાભાઈ ઢોકી તથા જેબુનબેન જુમાભાઈ ઢોકી ના પુત્રી યાસ્મીનબેન જુમાભાઈ ઢોકીનો જન્મ તારીખ.**24/11/1998**ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

### -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.184/2026
જન્મ તારીખ : 10/12/1996

શ્રી જુમાભાઈ અલ્લારખાભાઈ ઢોકી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી
ગ્રામ પંચાયત, મુળ દ્વારકા, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી જુમાભાઈ અલ્લારખાભાઈ ઢોકી, રહે.મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી શ્રી જુમાભાઈ અલ્લારખાભાઈ ઢોકી તથા શ્રી જેબુનબેન જુમાભાઈ ઢોકી ના પુત્રી રીઝવાના જુમાભાઈ ઢોકીનો જન્મ તારીખ.**10/12/1996**ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

### -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.174/2026
જન્મ તારીખ : 01/02/1976

શ્રી હારુનભાઈ સકુરભાઈ જાડા,
રહે.કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર
નગરપાલીકા, કોડીનાર, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી હારુનભાઈ સકુરભાઈ જાડા, રહે.કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ઓસમાણ હાજી જાડ તથા આયસાબેન ઓસમાણભાઈ જાડા ના પુત્રી અસરફ ઓસમાણ જાડાનો જન્મ તારીખ.**01/02/1976**ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



**ભારે વાહનોની સતત અવરજવરને કારણે બ્રિજ પર પડેલી તિરાડો વધુ જોખમી બની**

# ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવેમાં રાજુલા પાસે ભ્રષ્ટાચારની તિરાડો

જાફરાબાદ,તા.૦૨

અમરેલી જિલ્લામાં ચોમાસાના પ્રથમ વરસાદે જ સરકારી વિકાસકામોની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર રાજુલા નજીક આવેલા ચારનાળા બ્રિજ પર સીસી રોડમાં મોટી તિરાડો પડતા વાહનચાલકોમાં ચિંતા ફેલાઈ છે. થોડા દિવસો અગાઉ જ આ સ્થળે સમારકામ કરીને રોડ પર થીંગડા મારવામાં આવ્યા હતા, પરંતુ પ્રથમ વરસાદ બાદ ફરી એ જ જગ્યાએ રોડ ફાટી જતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે હાઈવેના નિર્માણ દરમિયાન ગુણવત્તા જાળવવામાં આવી નથી. સમારકામ બાદ પણ રોડ ફરી તૂટી જતાં કોન્ટ્રાક્ટર કંપની અને સંબંધિત અધિકારીઓની કામગીરી સામે અનેક પ્રશ્નો ઊભા થયા છે. લોકોનું કહેવું છે કે માત્ર દેખાવ પૂરતું સમારકામ કરવામાં આવ્યું હતું અને કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નહોતો. રાજુલા-જાફરાબાદ-પીપાવાવ કોસ્ટલ બેલ્ટમાંથી પસાર થતો આ નેશનલ હાઈવે રાજ્યનો મહત્વનો માર્ગ ગણાય છે. આ માર્ગ પરથી ગુજરાત ઉપરાંત રાજસ્થાન, મધ્યપ્રદેશ સહિત અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં વાહનો દીવ અને



તસવીર : બાબુભાઈ વાઢેળ

સોમનાથ તરફ અવરજવર કરે છે. ભારે વાહનોની સતત અવરજવરને કારણે બ્રિજ પર પડેલી તિરાડો વધુ જોખમી બની રહી છે.આ બ્રિજને બન્યાને અંદાજે દોઢ વર્ષ અને સમગ્ર હાઈવેને તૈયાર થયાને લગભગ બે વર્ષ જેટલો સમય થયો છે. છતાં આટલા ટૂંકા ગાળામાં રોડ અને બ્રિજ પર ભંગાણ પડતા કામની ગુણવત્તા અંગે ગંભીર શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે તિરાડો પડ્યા હોવા છતાં હાઈવે પર વાહનવ્યવહાર યથાવત ચાલુ છે.

સ્થાનિકોનું માનવું છે કે જો સમયસર યોગ્ય સમારકામ નહીં કરવામાં આવે તો ભવિષ્યમાં મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે.મહુવાથી રાજુલા અને ઉના સુધીના સમગ્ર હાઈવે પ્રોજેક્ટમાં અનેક સ્થળોએ રોડ અને બ્રિજની ગુણવત્તા અંગે અગાઉ પણ આક્ષેપો થયા હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. કારચાલક પ્રિતેશભાઈ સહિત અનેક લોકોએ કેન્દ્ર સરકાર સમક્ષ સમગ્ર પ્રોજેક્ટની સ્વતંત્ર તપાસ કરાવવાની માંગ કરી છે. સ્થાનિકોની માંગ છે કે નબળી ગુણવત્તાનું કામ કરનાર કોન્ટ્રાક્ટર કંપની તેમજ કામની યોગ્ય ચકાસણી કર્યા વગર બિલ પાસ કરનારા જવાબદાર અધિકારીઓ સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે. સાથે જ ચારનાળા બ્રિજનું તાત્કાલિક તકનીકી નિરીક્ષણ કરીને કાયમી સમારકામ કરવામાં આવે અને જરૂરી હોય તો વાહનવ્યવહાર પર નિયંત્રણ મૂકવામાં આવે, જેથી કોઈ અનિચ્છનીય ઘટના ટાળી શકાય.

## સાવરકુંડલાના નાના ભમોદ્રા ગામે બાળકોને નાસ્તો કરાવાયો



સાવરકુંડલા, તા. ૦૨

સાવરકુંડલાના નાના ભમોદ્રા ગામે 'ખારાનો ઢોરો' વાળા ધીરૂબાપુ તરફથી પ્રાથમિક શાળા અને આંગણવાડીના ભૂલકાઓને સેવ-ખમણીનો પૌષ્ટિક નાસ્તો કરાવવામાં આવ્યો હતો. ધીરૂબાપુએ આ પ્રશંસનીય સેવાકાર્ય કરીને સમાજને એક નવો રાહ ચીંધ્યો હતો.

## ટીંબલામાં આયુર્વેદિક નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરાયું

અમરેલી, તા. ૦૨

ટીંબલા ગામમાં વિઝન ફોર વાઈલ્ડ લાઈફ પ્રોગ્રામ અને આયુર્વેદિક શાખા જિલ્લા પંચાયતના સંયુક્ત ઉપક્રમે તા ૩૦ જુનના રોજ આયુર્વેદિક નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં આયુર્વેદિક સારવારનું મહત્વ તેમજ તેના ફાયદાઓ અંગે માર્ગદર્શન



આપવામાં આવ્યું હતું. હાથ-પગ, માથાના, સાંધાના દુઃખાવા, ગેસ, એસીડીટી, ચામડીના રોગો, ઉપરાંત અન્ય બીમારી ધરાવતા લોકોએ બહોળી સંખ્યામાં સારવારનો લાભ લીધો હતો. આ ઉપરાંત ઘર આંગણે આયુર્વેદિક વનસ્પતિના છોડનું મહત્વ સમજાવતા તેના વાવેતર અંગે ભલામણ કરવામાં આવી હતી. જિલ્લા આયુર્વેદિક શાખા જિલ્લા પંચાયત અમરેલીથી ડો ઓ. જી યાદવ અને ડો. દીપક ચાવડાએ સેવા આપી હતી. સરપંચ રવિભાઈ વાળા અને પ્રાથમિક શાળાના સ્ટાફ વ્યવસ્થામાં મદદરૂપ બન્યા હતા.

## અમરેલી હનુમાનપરા મેઈન રોડ પર રસ્તાની કામગીરી શરૂ, વાહનચાલકોને વૈકલ્પિક રૂટ વાપરવા અપીલ

અમરેલી, તા. ૦૨

અમરેલી શહેરના હનુમાનપરા મેઈન રોડ પર મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (આઉટ ગ્રોથ) અંતર્ગત ટૂંક સમયમાં જ રસ્તાના નવીનીકરણની કામગીરી શરૂ કરવામાં આવનાર છે. આ વિકાસલક્ષી કામગીરીને પગલે ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે નગરપાલિકા તંત્ર દ્વારા એક મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.અમરેલી નગરપાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસરે એક સંયુક્ત યાદીમાં જણાવ્યું છે કે, રસ્તાનું કામ ચાલુ હોય તે દરમિયાન આ માર્ગ પરથી પસાર થતા તમામ વાહનચાલકો, વેપારીઓ અને સ્થાનિક સંસ્થાઓ સાથે જોડાયેલા નાગરિકોએ હનુમાનપરાને જોડતા અન્ય વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવાનો રહેશે. શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે અને કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે માટે નગરપાલિકા તંત્રે તમામ શહેરીજનોને સહયોગ આપવા ખાસ અપીલ કરી છે.

## રાજુલામાં પત્ની નોકરી કરવા અમદાવાદ જતી રહેતાં આઘાતમાં આવેલા પતિએ એસિડ પીધુ

રાજુલા, તા. ૦૨

રાજુલા શહેરમાં એક કૌટુંબિક વિવાદમાં પતિએ એસિડ પીને આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હોવાની ચકચારી ઘટના સામે આવી છે. બે મહિનાનું કહીને અમદાવાદ નોકરી કરવા ગયેલી પત્ની પરત ન ફરતાં અને પરિવારના સમજાવવા છતાં ફરીથી અમદાવાદ ચાલી જતાં, પતિને આ વાતનું ભારે લાગી આવ્યું હતું. હાલ યુવકને ગંભીર હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ, રાજુલામાં રહેતા યુવકના પત્ની આશરે સાતેક મહિના પહેલાં અમદાવાદ ખાતે નોકરી કરવા માટે ગયા હતા. શરૂઆતમાં તેઓ માત્ર બે મહિના નોકરી કરવા જવાનું કહીને ઘરેથી નીકળ્યા હતા, પરંતુ છેલ્લા સાત મહિનાથી તેઓ અમદાવાદ જ વસવાટ કરી રહ્યા હતા. દરમિયાન, ગત તારીખ ૧૦/૦૬/૨૦૨૬ના રોજ પત્ની રાજુલા ખાતે પોતાના ઘરે પરત આવ્યા હતા.અહીં થોડા દિવસ રોકાયા બાદ, તારીખ ૧૫/૦૬/૨૦૨૬ના રોજ તેઓ ફરીથી પોતાના કપડાંનો થેલો ભરીને અમદાવાદ નોકરી કરવા જવા માટે નીકળ્યા હતા. આ સમયે પતિ, તેમની ત્રણ માસૂમ દીકરીઓ તેમજ સાસુ-સસરાએ તેમને રોકાવા માટે ખૂબ સમજાવ્યા હતા અને અમદાવાદ ન જવા વિનંતી કરી હતી. આમ છતાં, મહિલાએ પરિવારના કોઈ પણ સભ્યની વાત માની નહોતી અને તેઓ અમદાવાદ જવા નીકળી ગયા હતા.પત્નીના આ પ્રકારના વર્તન અને ત્રણ દીકરીઓ સહિત પરિવારની અવગણના કરીને ચાલ્યા જવાથી પતિ સખત આઘાતમાં સરી પડ્યો હતો. પત્નીના ગયા બાદ તેને આ વાતનું મનમાં ભારે લાગી આવ્યું હતું અને ઘરમાં રાખેલી એસિડની બોટલમાંથી પોતે એકાદ ઢાંકણું એસિડ પી લીધું હતું. આ મામલે રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. એસ. બાંભણીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## માતા સાથે માથાકૂટ કરી રીસાઈને યુવક ઘરેથી ચાલી નીકળ્યો


**હરસુરપુર દેવળીયા ગામની ઘટના, મિત્ર સાથે ગયેલા યુવકનો મોબાઈલ સ્વિચ ઓફ**

લાઠી, તા. ૦૨

લાઠી તાલુકાના હરસુરપુર દેવળીયા ગામે એક યુવક પોતાની માતા સાથે માવાના પૈસા બાબતે માથાકૂટ કરી, રીસાઈને ઘરેથી ચાલી નીકળ્યો હોવાની ઘટના સામે આવી છે.પ્રેમજીભાઈ જેઠાભાઈ મેવાડા (ઉ.વ. ૪૫)એ પોલીસમાં જાહેર કર્યા મુજબ, તેમના દીકરા સુનીલભાઈ પ્રેમજીભાઈ મેવાડા (ઉ.વ. ૨૪) એ પોતાની માતા સાથે માવાના પૈસા આપવા બાબતે માથાકૂટ કરી હતી. ત્યારબાદ તે ગુસ્સામાં પોતાની મોટરસાયકલ (નંબર GJ-૦૧-CD-૭૮૭૨) લઈને અને પાછળ પોતાના મિત્ર અરવિંદભાઈ અમરાભાઈ મેવાડા (ઉ.વ. ૩૧)ને બેસાડીને ખીજડીયા જવાના રસ્તે નીકળી ગયો હતો.હાલ આ બંને યુવકોના મોબાઈલ ફોન સ્વિચ ઓફ આવી રહ્યા છે અને અત્યાર સુધી બંનેની કોઈ ભાળ મળી નથી. આ અંગે લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. એન. ગરૈયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.












### //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૧૫૫/૨૦૨૬

અરજદાર :- શ્રી ભરતકુમાર રતિલાલ ધારૈયા
રહે.પ્લોટ નં.૧૮૪, લક્ષ્મીનગર વાળંદ સોસાયટી,સ્પોર્ટ કોમ્પ્લેક્ષ પાસે,
સિદસર રોડ, ભાવનગર-૩૬૪૦૦૨.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.કેરીયાચાડ, તા.જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના કેરીયાચાડ ગામમાં અરજદાર શ્રી ભરતકુમાર રતિલાલ ધારૈયાએ તેઓની પોતાની જન્મ (૨૯/૦૫/૧૯૭૦) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૮/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**જાહેર નોટીસ**

### -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-

અરજી નં.૧૭૧/૨૦૨૬
જન્મ તારીખ : ૦૭/૦૮/૨૦૧૭

પઠાણ અયુબખાન ફરીદખાન
રહે.આમોદ્રા, ગામ-આમોદ્રા, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, જે.પી.પરમાર, ઉના ...........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, ઉના
નગરપાલીકા, ઉના તા.ઉના, જિલ્લો ગીરસોમનાથ ..........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી પઠાણ અયુબખાન ફરીદખાન રહે. આમોદ્રા, ગામ-આમોદ્રા, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના દાદી રહેમદબેન ઉમરખાં પઠાણનું મરણ તારીખ ૦૭/૦૮/૨૦૧૭ ના રોજ ઉના તાલુકાના ઉના ગામ મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. માહેઃ જુન સને ૨૦૨૬ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

**-:: જાહેર નોટીસ ::-**

### -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.172/2026
જન્મ તારીખ : 27/11/1963

શ્રી જુમાભાઈ અલ્લારખાભાઈ ઢોકી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી
ગ્રામ પંચાયત, મુળ દ્વારકા, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી જુમાભાઈ અલ્લારખાભાઈ ઢોકી, રહે.મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી અલ્લારખા જાફરભાઈ ઢોકી તથા સોનબાઈ અલ્લારખા ઢોકી ના પુત્રી શ્રી જુમાભાઈ અલ્લારખાભાઈ ઢોકીનો જન્મ તારીખ.27/11/1963ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**-:: જાહેર નોટીસ ::-**

### -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.171/2026
જન્મ તારીખ : 07/07/1994

શ્રી જુમાભાઈ અલ્લારખાભાઈ ઢોકી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી
ગ્રામ પંચાયત, મુળ દ્વારકા, તા.કોડીનાર, કોડીનાર
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી જુમાભાઈ અલ્લારખાભાઈ ઢોકી, રહે.મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી જુમાભાઈ અલ્લારખાભાઈ ઢોકી તથા જેબુનબેન જુમાભાઈ ઢોકી ના પુત્ર ઓનરજાક જુમાભાઈ ઢોકીનો જન્મ તારીખ.07/07/1994ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# અમરેલીમાં વાત્સલ્યધામનો સાદગીપૂર્ણ પ્રારંભ

અમરેલી,તા.૦૨

અમરેલી ખાતે નિરાધાર અને જરૂરિયાતમંદ બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે નિર્માણ પામેલા વાત્સલ્યધામનો સાદગીપૂર્ણ માહોલમાં પ્રારંભ કરવામાં આવ્યો હતો. વસંતભાઈ ગજેરાના માર્ગદર્શન હેઠળ કરોડોના ખર્ચે તૈયાર થયેલા આ વાત્સલ્યધામનું ઉદ્‌ઘાટન શહેરના સામાજિક આગેવાનો અને અભ્યાસ કરતી દીકરીઓના હસ્તે કરવામાં આવ્યું હતું. દીકરીઓના હસ્તે પ્રારંભ કરાવવાના નિર્ણયથી સમાજમાં સમાનતા અને સેવા ભાવનાનો સંદેશ આપવામાં આવ્યો હતો. વસંતભાઈ ગજેરા નાદુરસ્ત તબિયતને કારણે ઉપસ્થિત રહી શક્યા નહોતા, છતાં વિદ્યાર્થીઓના અભ્યાસમાં વિલંબ ન થાય તે માટે તેમણે સમયસર શિક્ષણકાર્ય શરૂ કરવાનો આગ્રહ રાખ્યો હતો. તેમના સંદેશમાં જણાવાયું હતું કે સાચી સેવા માત્ર દાનમાં નહીં પરંતુ બાળકોને શિક્ષણ, સંસ્કાર અને જીવનમૂલ્યો આપીને તેમને સારા નાગરિક બનાવવામાં છે. વાત્સલ્યધામ સ્વર્ગસ્થ ચંપાબેન વસંતભાઈ ગજેરાના સ્વપ્નનું સાકાર સ્વરૂપ છે. વર્ષ ૨૦૦૬માં સુરતમાં પ્રથમ વાત્સલ્યધામ શરૂ કરવામાં





આવ્યું હતું, જ્યાંથી અત્યાર સુધીમાં ૧૫૦૦થી વધુ બાળકો શિક્ષણ મેળવી જીવનમાં આગળ વધ્યા છે. હાલમાં ત્યાં લગભગ ૯૦૦ બાળકો અભ્યાસ કરી રહ્યા છે. ત્યારબાદ ઓડિશામાં બીજા કેન્દ્રની શરૂઆત કરવામાં આવી હતી અને હવે અમરેલીમાં ત્રીજું વાત્સલ્યધામ કાર્યરત બન્યું છે. આગામી સમયમાં દેશભરમાં નવ વાત્સલ્યધામ શરૂ કરવાનો સંકલ્પ પણ વ્યક્ત કરવામાં આવ્યો છે.આ સંસ્થામાં એવા બાળકોને પ્રાથમિકતા આપવામાં આવશે, જેમણે માતા-પિતા ગુમાવ્યા હોય અથવા પરિવારની આર્થિક સ્થિતિ નબળી હોય. આવા બાળકોને નિઃશુલ્ક નિવાસ, શિક્ષણ, સંસ્કાર અને સર્વાંગી વિકાસની તમામ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ પ્રેરણાદાયી શુભ પ્રારંભ પ્રસંગે સમાજના અનેક અગ્રણી મહાનુભાવો ઉપસ્થિત રહી પોતાના શુભાશીર્વાદ પાઠવ્યા હતા. જેમાં અશ્વિનભાઈ સાવલિયા, વસંતભાઈ મોવલીયા, કાળુભાઈ ભંડેરી, દિનેશભાઈ ભુવા, કાળુભાઈ સુવાગીયા, રમેશભાઈ કાથરોટીયા, સુરેશભાઈ દેસાઈ, એ. કે. કોરાટ, શંભુભાઈ દેસાઈ, ગોરધનભાઈ માંદલિયા, ગણપતભાઈ સેંજલિયા, રાજેશભાઈ ગઢિયા, દયાળભાઈ સંઘાણી, નિમેષભાઈ બાંભરોલિયા,સુરેશભાઈ શેખવા, પરેશભાઈ આચાર્ય, ભારમલભાઈ મોઈઝભાઈ, જયંતીભાઈ પટોળિયા, ડૉ. અતુલભાઈ પટેલ, ગોપાલભાઈ કચ્છી, જીતેન્દ્રભાઈ સેંજલિયા, વિઠ્ઠલભાઈ સેંજલિયા, નંદલાલભાઈ તળાવિયા, ભરતભાઈ કાબરિયા, રાજેશભાઈ ઝાલાવાડિયા, વસંતભાઈ પોકળ, દિવ્યેશભાઈ તળાવિયા, ગુલાબભાઈ દતાણી, દિનેશભાઈ પટેલ, શૈલેષભાઈ કથીરિયા, રૂઝુલભાઈ ગોંડલિયા, ભરતભાઈ દવે અને દીપકભાઈ કાછડિયા સહિતના આગેવાનોની વિશેષ ઉપસ્થિતિ નોંધપાત્ર રહી હતી.તેમજ સંસ્થા તરફથી ચતુરભાઈ ખૂંટ, એમ. કે. સાવલિયા, વસંતભાઈ પેથાણી, મનસુખભાઈ ધાનાણી, ભરતભાઈ ધડુક, દિનેશભાઈ કાપડિયા, પ્રવીણભાઈ ગજેરા તેમજ સંસ્થાના તમામ અધિકારીઓ અને સ્ટાફ ઉપસ્થિત રહી વાત્સલ્યધામની શુભ શરૂઆતના આ ઐતિહાસિક અને પ્રેરણાદાયી પ્રસંગના સાક્ષી બન્યા હતા.અંતે ગજેરા પરિવારે ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કરી આ સેવાયજ્ઞમાં સમાજને સહભાગી બનવા અપીલ કરી હતી.

## સાવરકુંડલામાંથી દારૂની બે બોટલ સાથે યુવક ઝડપાયો

સાવરકુંડલા, તા. ૦૨

સાવરકુંડલા શહેરમાંથી દારૂની બે બોટલ સાથે એક યુવક ઝડપાયો છે. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન મણીભાઈ ચોક, કર્ણાવતી દાબેલીની સામે રોડ ઉપરથી આ યુવકને અટકાવી તેની તલાશી લેતાં તેની પાસેથી વિદેશી દારૂની બે બોટલ મળી આવી હતી. આ ઉપરાંત, જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાંથી વધુ ૪ લોકો વગર પાસ-પરમિટે કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતાં મળી આવતા પોલીસે તેમની સામે પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ધારાસભ્ય જનક તળાવીયાના પ્રયાસોથી બાબરાના જીવાપર એપ્રોચ રોડ માટે રૂ. બે કરોડ મંજૂર

બાબરા,તા.૦૨

લાઠી-બાબરાના ધારાસભ્ય જનક તળાવીયાના સક્રિય પ્રયાસોને પરિણામે બાબરા તાલુકાના જીવાપર અને કરીયાણા ગામને જોડતા બિસ્માર માર્ગના રીસર્ફેસિંગ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨ કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. લાંબા સમયથી આ રસ્તો જર્જરિત હાલતમાં હોવાથી સ્થાનિકો અને મુસાફરોને અવરજવરમાં ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. ધારાસભ્યની રજૂઆતને પગલે માર્ગ અને મકાન વિભાગે આ કામ માટે નાણાં ફાળવતા હવે માર્ગની ગુણવત્તા સુધરશે અને વાહન વ્યવહાર સુગમ બનશે.




આ નિર્ણય માટે ધારાસભ્ય જનક તળાવીયાએ રાજ્યના મુખ્યમંત્રી અને માર્ગ-મકાન મંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યથી જીવાપર, કરીયાણા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકોના સમય અને શ્રમની બચત થશે. રસ્તો બનવાના સમાચારથી સમગ્ર પંથકના ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે.

## રાજુલાના યુવક સામે સગીરાના અપહરણની ફરિયાદ નોંધાઈ

રાજુલા, તા. ૦૨

રાજુલાના એક યુવક સામે સગીરાના અપહરણની ફરિયાદ નોંધાઈ છે. સગીરાના પિતાએ રાજુલાના સુનીલભાઈ રમેશભાઈ સોલંકી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેમની પુત્રી સગીર વયની હોવાનું જાણતો હોવા છતાં, લગ્ન કરવાના ઈરાદે લલચાવી-ફોસલાવી બદકામ કરવાના હેતુથી તેના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી ગયો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના પી.આઈ. વી. એમ. કાલોદરા આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## અમરેલીમાં વેપારીને દુકાનની પાછળ શૌચ બાબતે ગાળો આપી ધમકી અપાઈ

અમરેલી, તા. ૦૨

અમરેલી શહેરમાં એક વેપારીને તેમની દુકાનની પાછળ પેશાબ કરવા ન જવા અંગે કહી ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ઘટના સામે આવી છે. આ અંગે વેપારી સંજયભાઈ રવજીભાઈ કાનાણી (ઉ.વ.૫૩)એ મેરામભાઈ આહિર નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ, વેપારી જ્યારે પોતાની દુકાને હાજર હતા ત્યારે આરોપીએ આવીને તેમને દુકાનની પાછળ પેશાબ કરવા નહીં જવા બાબતે ઉગ્ર બોલાચાલી કરી ગાળો ભાંડી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આટલું જ નહીં, આરોપીએ ત્યારબાદ બાજુમાં આવેલી સાહેદની (સાક્ષીની) દુકાને જઈ પુલાવ માંગ્યો હતો. જો કે, સાહેદે બધો પુલાવ ખલાસ થઈ ગયો હોવાનું કહેતા આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને સાહેદને પણ ગાળો આપી મોં પર બે લાફા મારી દીધા હતા. આ મામલે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. બી. સૈયદ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## બગસરાના શાપર ગામની પરિણીતાને લગ્ન બાદ સંતાન ન થતાં પતિએ મેણા-ટોણા માર્યા

બગસરા, તા. ૦૨

બગસરાના શાપર ગામની પરિણીતાને લગ્નજીવન દરમિયાન સંતાન ન થવા મુદ્દે પતિ દ્વારા મેણા-ટોણા મારી શારીરિક-માનસિક ત્રાસ આપ્યાની ઘટના સામે આવી છે. આ અંગે પરિણીતાએ ગીરસોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વડનગર ગામે રહેતા પતિ ગોપાલદાસ માધવદાસ મકવાણા સામે ફરિયાદ નોંધાવી છે.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, પરિણીતાના લગ્ન આજથી આશરે ૧૬ વર્ષ પહેલાં જ્ઞાતિના રીત-રિવાજ મુજબ થયા હતા. લગ્ન બાદ થોડો સમય સાસરિયામાં તેને સારી રીતે રાખવામાં આવી હતી. જો કે, ત્યારબાદ સંતાન ન થવાના લીધે પતિએ અવારનવાર મેણા-ટોણા મારવાનું શરૂ કર્યું હતું. આ ઉપરાંત, પરિણીતાને શારીરિક તથા માનસિક દુઃખ-ત્રાસ આપી શરીરે આડેધડ માર મારવામાં આવ્યો હતો. આ મામલે બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ. એન. વાળા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## સુરતમાં પરિણીતાને સાસરિયાએ ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાઈ

**પિયર સાવરકુંડલા આવીને પોલીસમાં ફરિયાદ નોંધાવી**

સાવરકુંડલા, તા. ૦૨

સાવરકુંડલાની યુવતી લગ્ન બાદ સુરત સાસરે ગઈ હતી, જ્યાં પતિ સહિતના સાસરિયાએ ગાળો આપી, શારીરિક-માનસિક ત્રાસ ગુજારી પહેરેલા કપડે ઘરેથી કાઢી મૂકતા મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે.હેતલબેન બાઘાભાઈ ગેડીયાએ સુરતના કતારગામમાં રહેતા પતિ નિલેશભાઈ મધુભાઈ વાઘેલા, સસરા મધુભાઈ કાનજીભાઈ વાઘેલા, સાસુ લીલીબેન મધુભાઈ વાઘેલા તથા ફઈજી કાંતાબેન નાનજીભાઈ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, આરોપીઓએ તેમને ઘરકામ બાબતે મેણા-ટોણા મારી માનસિક દુઃખ-ત્રાસ આપ્યો હતો. આ ઉપરાંત, પતિએ સંતાન બાબતે અવારનવાર ઝઘડાઓ કરી ગાળો બોલી, મારઝૂડ કરીને તેમને પહેરેલા કપડે જ ઘરેથી કાઢી મૂકી હતી. આ અંગે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. એન. ખસતીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ત્રીજ
તા.૦૩-૦૭-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૨૭,
સૂર્યાસ્ત-૦૭:૨૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શ્રાવણ

## દૈનિક રાશિફળ

તા.૦૩-૦૭-૨૦૨૬ શુક્રવાર

મેષ: આજે તમારી આજુબાજુ સુખદ વાતાવરણ રહેશે. નોકરી અને ધંધામાં તમારા મુજબનું વાતાવરણ બનાવવામાં આવશે, જેના કારણે તમારી કામ કરવાની શૈલી પણ સુધરશે.

વૃષભ: ધંધાના દ્રષ્ટિકોણથી આ સારો સમય છે. નવી ડીલ દ્વારા પ્રતિષ્ઠા વધશે. સંતાન પક્ષથી થોડી રાહત મળશે. રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે.

મિથુન: ભાગ્યના સહયોગથી રોજગાર અને ધંધાના ક્ષેત્રે ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાશીલ સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી સંતોષકારક સુખદ સમાચાર મળવાથી મનનો ભાર ઓછો થશે.

કર્ક: શરૂ થયેલા કામમાં તમને સફળતા મળશે, જેનાથી તમારો આત્મવિશ્વાસ વધશે. વેપારી વર્ગ તેમના અનુભવના આધારે વ્યવસાય ક્ષેત્રનો વિસ્તાર કરશે.

સિંહ: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધૈર્ય સાથે પરિવારની સમસ્યાઓના નિરાકરણને શોધવામાં મદદ મળશે. વિદ્યાર્થીઓને શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે.

કન્યા: વિદ્યાર્થીઓ ઇચ્છિત ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાનો માર્ગ મોકળો કરશે. કોઈપણ કિંમતી વસ્તુઓ અને દસ્તાવેજો તમારી પાસે રાખો.

તુલા: તમારા દ્વારા કરવામાં આવેલ રોકાણ સારા પરિણામ આપશે. ધંધાકીય કાર્યમાં પ્રગતિને કારણે તમને તમારા અનુભવનો પૂરો લાભ મળશે.

વૃશ્ચિક: જો ઘર અને વાહન ખરીદવાની ઇચ્છા હોય તો તમારા પ્રયત્નો સફળ થશે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મિત્રો સાથે મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે.

ધન: બાળકો સંબંધિત ચિંતા આજે સમાપ્ત થઈ જશે અને તેમનું કાર્ય પણ ધીમે ધીમે પૂર્ણ થશે. પિતાના માર્ગદર્શનથી વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલો ડેડલોક સમાપ્ત થઈ જશે.

મકર: ધંધાકીય ક્ષેત્રે પ્રગતિને કારણે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. ભાઇઓની સહાયથી અટકેલા કાર્યોમાં પ્રગતિ થશે.

કુંભ:તમારી મહેનત કાર્યક્ષેત્રમાં નવી ઉર્જા લાવશે અને અટકેલા કાર્યો પૂર્ણ થતાં જોશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે.

મીન: રોજગારમાં ફેરફાર કરવા માટે સમય યોગ્ય નથી. સ્ત્રી મિત્રને કારણે વ્યાવસાયિક ઉન્નતિની તકો મળશે. બિઝનેસમાં તમારે ભાગદોડ કરવી પડી શકે છે.

## લાઠી તાલુકાના મેમદા ગામે યુવકને જાનથી મારવાની ધમકી

**"આ લોકોને પોલીસ કેસમાં ફસાવી દેવા છે" તેમ કહી હુમલો કર્યો**

લાઠી, તા. ૦૨

લાઠી તાલુકાના મેમદા ગામે એક યુવકને જૂની અદાવતમાં આંતરીને ગાળો આપી, જાનથી મારવાની ધમકી આપ્યાની ઘટના સામે આવી છે. આ બનાવ સંદર્ભે અજયભાઈ ભરતભાઈ ખેરે નીતાબેન કુરજીભાઈ ખેર, કુરજીભાઈ મેઘાભાઈ ખેર, મહેશભાઈ રણછોડભાઈ ખેર તથા ગીતાબેન મહેશભાઈ ખેર સામે ફરિયાદ નોંધાવી છે.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીઓ જ્યારે ફરિયાદીના ઘર સામેની શેરીમાંથી નીકળ્યા ત્યારે મોટેથી બોલતા ગયા હતા કે, આ લોકોને પોલીસ કેસ કરી સલવાડી (ફસાવી) દેવા છે. જે બાબતે ફરિયાદીના દાદા આરોપીઓના ઘરે તેઓને સમજાવવા માટે ગયા ત્યારે આરોપીઓએ દાદા સાથે ઉધ્ધત વર્તન કરી ધક્કો મારી પછાડી દીધા હતા અને ગાળો આપવા લાગ્યા હતા.આથી ફરિયાદી વચ્ચે પડતા ચારેય આરોપીઓએ એકસંપ થઈ તેમને ઢીકાપાટુ વડે માર માર્યો હતો અને માથાના આગળના ભાગે કોઈ બોડી વસ્તુ મારી લોહી કાઢી નાખ્યું હતું. આ ઉપરાંત, ફરિયાદીને શરીરે મૂઢ ઈજા પહોંચાડી, બેફામ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી. એ. ચારોલા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## ધારી એસ.ટી.ડેપોના ત્રણ કંડક્ટરો વય મર્યાદાને કારણે નિવૃત થયા

ધારી,તા.૦૧



ધારી એસ. ટી. ડેપો ખાતે આજે ત્રણ કંડક્ટરોના વયમર્યાદાના કારણે નિવૃત્તિ પ્રસંગે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. લાંબા સમય સુધી નિષ્ઠાપૂર્વક અને જવાબદારી સાથે સેવા બજાવનાર આ કંડક્ટરોને ભાવભીની વિદાય અપાઈ હતી. આ કાર્યક્રમમાં વિભાગીય યાંત્રિક ઈજનેર કંદર્બ મહેતા અને ડેપો મેનેજર એમ. એમ. દાદુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે નિવૃત્ત થતા ત્રણેય કંડક્ટરોનું શાલ ઓઢાડી, સ્મૃતિચિહ્ન અર્પણ કરીને તેમજ પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું.


**જાહેર નોટીસ**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-**

અરજી નં.૧૭૯/૨૦૨૬
જન્મ તારીખ : ૦૧/૦૧/૧૯૮૧

શ્રી સલીમભાઈ જુમાભાઈ મેર,
રહે.બેંકની પાછળ, નવાબંદર, ગામ-નવાબંદર, તાલુકો-ઉના,
જિલ્લો-ગીર સોમનાથ ............અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, નવાબંદર
ગ્રામ પંચાયત કચેરી, નવાબંદર, તા.ઉના, જિલ્લો ગીરસોમનાથ ...........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી સલીમભાઈ જુમાભાઈ મેર રહે. બેંકની પાછળ, નવાબંદર, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના ભત્રીજા જબાર હસનભાઈ મેરનો જન્મ તારીખ ૦૧/૦૧/૧૯૮૧ ના રોજ ઉના તાલુકાના નવાબંદર મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. /૦૬/૨૦૨૬ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(ડી.કે.ભીમાણી)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

**જાહેર નોટીસ**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-**

અરજી નં.૧૭૦/૨૦૨૬
જન્મ તારીખ : ૦૧/૦૬/૨૦૦૪

શ્રી જેઠાભાઈ વાલાભાઈ ચૌહાણ,
રહે.નાઠેજ, ગામ-નાઠેજ, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
............અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, નાઠેજ
ગ્રામ પંચાયત કચેરી, નાઠેજ, તા.ઉના, જિલ્લો ગીરસોમનાથ ...........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી જેઠાભાઈ વાલાભાઈ ચૌહાણ રહે. નાઠેજ, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પુત્રી વનિતાબેન જેઠાભાઈ ચૌહાણનો જન્મ તારીખ ૦૧/૦૬/૨૦૦૪ ના રોજ ઉના તાલુકાના નાઠેજ મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. /૦૬/૨૦૨૬ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(ડી.કે.ભીમાણી)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-**

નં. જન્મ-મરણ કેસ-નં. 165/2026

પ્રતિ,
શ્રી ભીખીબેન વીરાભાઈ બાંભણીયા,
રહે.સૈયદ રાજપરા, ગામ-સૈયદ રાજપરા, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એન.આર.કીડેચા તથા જે.આર.કોટડીયા, ઉના
............અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, સૈયદ રાજપરા, તા.ઉના, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના સૈયદ રાજપરા ગામના રહીશ વીરાભાઈ રૂડાભાઈ બાંભણીયા તથા ભીખીબેન વીરાભાઈ બાંભણીયાના પુત્રી લક્ષ્મીબેન વીરાભાઈ બાંભણીયાનો જન્મ તા.18/01/1989 ના રોજ ઉના તાલુકાના સૈયદ રાજપરા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત, સૈયદ રાજપરા, તાલુકો-ઉના સને-1989 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૦૭/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૭/૦૬/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(ડી.કે. ભીમાણી)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

## તંત્રી લેખ

# આર્થિક ક્ષેત્રે રાષ્ટ્ર પ્રગતિના પંથે


તાજેતરના મહિનાઓમાં ભારતની અર્થવ્યવસ્થાએ વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે પણ નોંધપાત્ર સ્થિરતા દર્શાવી છે. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (IMF), વિશ્વ બેંક અને અન્ય વૈશ્વિક સંસ્થાઓએ ભારતને વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઓમાં સ્થાન આપ્યું છે. ભારત હાલમાં વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાના તબક્કે પહોંચી ગયું છે અને આગામી વર્ષોમાં ત્રીજા ક્રમે પહોંચવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. મેન્યુફેક્ચરિંગ, ડિજિટલ અર્થતંત્ર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, હરિત ઊર્જા અને રોકાણના ક્ષેત્રોમાં સતત થઈ રહેલા સુધારાઓ ભારતના વિકાસને નવી દિશા આપી રહ્યા છે. આ સાથે જ સરકાર દ્વારા વહીવટી સુધારા, વ્યવસાય કરવાની સરળતા અને જાહેર સેવાઓમાં ટેકનોલોજીના વધતા ઉપયોગથી વિકાસને વધુ ગતિ મળી રહી છે. કોઈપણ રાષ્ટ્રનો વિકાસ માત્ર આર્થિક વૃદ્ધિના આંકડાઓથી જ માપી શકાતો નથી. વિકાસનું સાચું માપદંડ એ છે કે સરકારની નીતિઓ સામાન્ય નાગરિકના જીવનમાં કેટલો સકારાત્મક ફેરફાર લાવે છે. આ દ્રષ્ટિએ જોવામાં આવે તો ભારતમાં છેલ્લા કેટલાક વર્ષોમાં વહીવટી સુધારાઓને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. પારદર્શિતા, જવાબદારી અને ઝડપી નિર્ણય પ્રક્રિયાને પ્રોત્સાહન આપવાના પ્રયાસો દેશને વધુ સક્ષમ બનાવી રહ્યા છે. સરકારનું મુખ્ય લક્ષ્ય માત્ર જીડીપી વધારવાનું નથી, પરંતુ એવી વ્યવસ્થા ઉભી કરવાની છે કે જેમાં નાગરિકોને સરકારી સેવાઓ સરળતાથી, ઝડપથી અને ભ્રષ્ટાચાર વિના મળી શકે. ડિજિટલ ઈન્ડિયા, આધાર આધારિત સેવાઓ, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર, ઓનલાઈન મંજૂરી પ્રણાલી અને ઈ-ગવર્નન્સ જેવા પગલાંએ સામાન્ય નાગરિક અને સરકાર વચ્ચેનું અંતર ઘટાડ્યું છે. પરિણામે અનેક સેવાઓ હવે ઘર બેઠાં ઉપલબ્ધ બની છે. ભારતનું અર્થતંત્ર સતત મજબૂત બનતું જાય છે, પરંતુ વિકાસની ગતિ જાળવી રાખવા માટે સંસ્થાકીય સુધારાઓ પણ એટલા જ જરૂરી છે. વિશ્વના વિકસિત દેશોએ માત્ર ઉદ્યોગો કે રોકાણના આધારે નહીં, પરંતુ મજબૂત શાસન વ્યવસ્થા, કાયદાના અમલ અને કાર્યક્ષમ વહીવટના આધારે પ્રગતિ કરી છે. ભારત પણ હવે આ જ દિશામાં આગળ વધી રહ્યું છે. વહીવટી સુધારાઓનો સૌથી મોટો લાભ રોકાણકારોને મળે છે. જ્યારે નિયમો સરળ હોય, મંજૂરીની પ્રક્રિયા ઝડપી હોય અને નીતિઓમાં સ્થિરતા હોય ત્યારે દેશ-વિદેશના રોકાણકારો વધુ વિશ્વાસ સાથે રોકાણ કરે છે. તેના પરિણામે નવા ઉદ્યોગો ઉભા થાય છે, રોજગારી વધે છે અને સ્થાનિક અર્થતંત્રને નવી ગતિ મળે છે. ×મેક ઈન ઈન્ડિયા×, ×ગતિ શક્તિ×, ×નેશનલ લોજિસ્ટિક્સ પોલિસી× અને ઉત્પાદન આધારિત પ્રોત્સાહન યોજનાઓ જેવા પ્રયાસો આ દિશામાં મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યા છે. તેમ છતાં પડકારો હજુ પણ બાકી છે. કેટલાક રાજ્યોમાં સરકારી સેવાઓની ગતિ ધીમી છે. ઘણી જગ્યાએ ફાઈલોની પ્રક્રિયા લાંબી ચાલે છે અને સામાન્ય નાગરિકને હજી પણ કચેરીઓના ચક્કર લગાવવા પડે છે. ન્યાયતંત્રમાં પડતર કેસોની મોટી સંખ્યા, શહેરી અને ગ્રામ્ય વિસ્તારો વચ્ચેનો વિકાસનો તફાવત તથા વિવિધ વિભાગો વચ્ચે સંકલનનો અભાવ જેવા મુદ્દાઓ ઉપર સતત ધ્યાન આપવાની જરૂર છે. સરકારે સુધારાઓની શરૂઆત કરી છે, પરંતુ તેનો સાચો લાભ ત્યારે જ મળશે જ્યારે સરકારી કર્મચારીઓની કાર્યક્ષમતા વધશે, તાલીમને વધુ મહત્વ મળશે અને જવાબદારીની ભાવના મજબૂત બનશે. ટેકનોલોજીનો ઉપયોગ વધારવા સાથે માનવ સંસાધનના વિકાસ પર પણ એટલું જ ધ્યાન આપવું પડશે.

# કૃત્રિમ બુદ્ધિનો યુગ અને રોજગારનું બદલાતું ભવિષ્ય

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઇ**

કૃત્રિમ બુદ્ધિ (Artificial Intelligence – AI) આજે વિશ્વના વિકાસનું સૌથી શક્તિશાળી સાધન બની રહી છે. શિક્ષણ, આરોગ્ય, ઉદ્યોગ, બેન્કિંગ, કૃષિ, સંશોધન અને સરકારી સેવાઓથી લઈને સામાન્ય જીવન સુધી દરેક ક્ષેત્રમાં એઆઈનો પ્રભાવ ઝડપથી વધી રહ્યો છે. એક સમયે જે કામ માત્ર માનવી કરી શકતો હતો તે આજે એઆઈની મદદથી ઝડપથી, ઓછી કિંમતમાં અને વધુ ચોકસાઈ સાથે થઈ રહ્યું છે. પરિણામે વિશ્વભરમાં ઉત્પાદનક્ષમતા વધી રહી છે, પરંતુ તેની સાથે રોજગાર અંગે નવી ચિંતાઓ પણ ઊભી થઈ રહી છે. તાજેતરના વર્ષોમાં અનેક આંતરરાષ્ટ્રીય અભ્યાસો અને ઉદ્યોગજગતના સર્વેક્ષણો દર્શાવે છે કે ખાસ કરીને એન્ટ્રી લેવલની નોકરીઓમાં એઆઈના ઉપયોગથી પરિવર્તન ઝડપથી આવી રહ્યું છે. નવા સ્નાતકો માટે નોકરી મેળવવી પહેલાં કરતાં વધુ પડકારજનક બની રહી છે. જોકે તેનો અર્થ એવો નથી કે રોજગારીના તમામ દરવાજા બંધ થઈ જશે. હકીકતમાં રોજગારનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે અને નવી કુશળતા ધરાવતા લોકો માટે નવી તકો પણ ઊભી થઈ રહી છે.

એન્ટ્રી લેવલની નોકરીઓ પર સૌથી વધુ અસર થઈ છે. કોઈપણ વ્યક્તિ પોતાની કારકિર્દીની શરૂઆત સામાન્ય રીતે એન્ટ્રી લેવલની નોકરીથી કરે છે. અહીં કર્મચારીને તાલીમ આપવામાં આવે છે અને અનુભવ મેળવવાની તક મળે છે. પરંતુ હવે એવી ઘણી કામગીરી, જેમાં ડેટા એન્ટ્રી, દસ્તાવેજો તૈયાર કરવું, માહિતીનું વર્ગીકરણ, ગ્રાહકોના સામાન્ય પ્રશ્નોના જવાબ આપવાનું કામ અથવા પ્રાથમિક વિશ્લેષણ સામેલ હોય છે, તે એઆઈ સરળતાથી કરી શકે છે. આ કારણે કેટલીક કંપનીઓ નવી ભરતી ઘટાડીને એઆઈ આધારિત સિસ્ટમોનો વધુ ઉપયોગ કરી રહી છે. ખાસ કરીને ટેક્નોલોજી, ફાઈનાન્સ, ગ્રાહક સેવા અને સોફ્ટવેર વિકાસ જેવા ક્ષેત્રોમાં આ પરિવર્તન વધુ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. જે કામ માટે અગાઉ પાંચથી દસ કર્મચારીઓની જરૂર પડતી હતી તે હવે એક અનુભવી કર્મચારી અને એક અસરકારક એઆઈ સિસ્ટમની મદદથી પૂર્ણ થઈ શકે છે. રોજગાર ઘટશે કે બદલાશે? આ એક જટિલ પ્રશ્ન છે.એઆઈના આગમન પછી સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું તે માનવીઓની નોકરી છીનવી લેશે? તેનો સીધો જવાબ 'હા' અથવા 'ના' માં આપી શકાય તેમ નથી. હકીકતમાં કેટલીક નોકરીઓ ઓછી થશે, કેટલીક સંપૂર્ણપણે બદલાઈ જશે અને સાથે જ અનેક નવી નોકરીઓ પણ સર્જાશે. નવી કુશળતા હવે સૌથી મોટું મૂડીરોકાણ કરવામાં આવી રહ્યું છે.આજના સમયમાં માત્ર ડિગ્રી પૂરતી નથી. સતત નવી બાબતો



શીખવાની તૈયારી જ સફળતાની ચાવી બની રહી છે. એઆઈનો ઉપયોગ કેવી રીતે કરવો, માહિતીનું વિશ્લેષણ, સર્જનાત્મક વિચારશક્તિ, સમસ્યાનો ઉકેલ, ટીમ સાથે કામ કરવાની ક્ષમતા અને અસરકારક સંવાદ કૌશલ્ય જેવી બાબતોનું મહત્વ વધી રહ્યું છે. જે લોકો એઆઈને સ્પર્ધક માનવાને બદલે સહાયક તરીકે સ્વીકારીને તેનો યોગ્ય ઉપયોગ શીખી જશે, તેઓ ભવિષ્યમાં વધુ સફળ બની શકશે. અનેક કંપનીઓ આજે એવા કર્મચારીઓની શોધમાં છે, જે એઆઈ સાધનોનો ઉપયોગ કરીને વધુ ગુણવત્તાસભર પરિણામ આપી શકે. શિક્ષણ વ્યવસ્થામાં પરિવર્તનની જરૂરિયાત છે. આ માટે શિક્ષણ જગતમાં જે પરિવર્તન કરવું જોઈએ તે કરવામાં આવતું નથી આના કારણે બેરોજગારી વધશે તે નક્કી છે. એઆઈના યુગમાં શિક્ષણ પદ્ધતિમાં પણ મૂળભૂત ફેરફાર કરવાની જરૂર છે. માત્ર પુસ્તકી જ્ઞાન પૂરતું નથી. વિદ્યાર્થીઓને વ્યવહારુ અનુભવ, પ્રોજેક્ટ આધારિત અભ્યાસ, સંશોધન, નવીનતા અને ડિજિટલ કૌશલ્ય પર વધુ ભાર આપવો જરૂરી બન્યો છે. શાળાઓ અને કોલેજોએ અભ્યાસક્રમમાં એઆઈ, ડેટા એનાલિટિક્સ, સાયબર સુરક્ષા, રોબોટિક્સ અને ડિજિટલ ટેક્નોલોજીને સ્થાન આપવું જોઈએ. સાથે સાથે નૈતિક મૂલ્યો, માનવ સંવેદના અને સામાજિક જવાબદારી જેવા વિષયોનું મહત્વ પણ એટલું જ રહેવું જોઈએ, કારણ કે એઆઈ માનવ બુદ્ધિની મદદ કરી શકે છે, પરંતુ માનવતા, લાગણી અને મૂલ્યોનું સ્થાન લઈ શકતી નથી.

ઉદ્યોગજગતની નવી જવાબદારી આવી છે કંપનીઓએ માત્ર ખર્ચ ઘટાડવા માટે એઆઈનો ઉપયોગ ન કરવો જોઈએ. કર્મચારીઓને નવી ટેક્નોલોજી સાથે તાલમેલ બેસાડવા માટે તાલીમ આપવી, તેમની કુશળતા વધારવી અને નવી જવાબદારીઓ માટે તૈયાર કરવું પણ એટલું જ મહત્વનું છે. જો ઉદ્યોગો કર્મચારીઓને સતત શીખવાની તક આપશે તો રોજગારનું નુકસાન ઘણું ઓછું થશે. અનુભવી કર્મચારીઓ પોતાના અનુભવને એઆઈની ઝડપ સાથે જોડીને વધુ અસરકારક કામગીરી કરી શકશે. આ અભિગમ કંપનીઓ અને કર્મચારીઓ બંને માટે લાભદાયી સાબિત થઈ શકે છે.

ભારત માટે પડકાર અને તક બંને છે. ભારત વિશ્વના સૌથી યુવા દેશોમાંનું એક છે. દર વર્ષે લાખો યુવાનો ઉચ્ચ શિક્ષણ પૂર્ણ કરીને રોજગાર બજારમાં પ્રવેશ કરે છે. આવા સમયે એઆઈનું વધતું પ્રભુત્વ પડકારરૂપ છે, પરંતુ ભારત માટે આ એક સુવર્ણ તક પણ બની શકે છે. ભારત પાસે વિશાળ માનવસંસાધન, મજબૂત માહિતી પ્રૌદ્યોગિકી ક્ષેત્ર અને નવીનતા તરફ આગળ વધતા સ્ટાર્ટઅપ્સ છે. જો સરકાર, શિક્ષણ સંસ્થાઓ અને ખાનગી ક્ષેત્ર મળીને યુવાનોને નવી ટેક્નોલોજી માટે તૈયાર કરશે તો ભારત વૈશ્વિક એઆઈ અર્થવ્યવસ્થામાં અગ્રણી સ્થાન મેળવી શકે છે. ડિજિટલ ઈન્ડિયા, સ્કિલ ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને નવી શિક્ષણ નીતિ જેવા પ્રયાસો આ દિશામાં મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. પરંતુ તેનો સંપૂર્ણ લાભ ત્યારે જ મળશે જ્યારે ગામડાં સુધી ગુણવત્તાસભર ડિજિટલ શિક્ષણ અને તાલીમ પહોંચશે. માનવ બુદ્ધિનું મહત્વ ક્યારેય ઓછું નહીં થાય તે પણ એક હકીકત છે. એઆઈ કેટલીય પ્રગતિ કરે છતાં સર્જનાત્મકતા, નૈતિક નિર્ણય, માનવીય લાગણીઓ, નેતૃત્વ, સંવેદના અને સામાજિક સમજ જેવી ક્ષમતાઓ માનવની વિશિષ્ટ ઓળખ રહેશે. દર્દીના મનોબળને સમજતો ડૉક્ટર, વિદ્યાર્થીઓને પ્રેરણા આપતો શિક્ષક, સમાજની સમસ્યાઓને સમજતો નેતા અને સર્જનાત્મક કલાકારનું સ્થાન કોઈ મશીન સંપૂર્ણપણે લઈ શકશે નહીં. ભવિષ્યમાં સફળતા તેમની રહેશે, જે ટેક્નોલોજી અને માનવીય મૂલ્યો વચ્ચે સંતુલન જાળવી શકશે. એઆઈને દુશ્મન માનવાને બદલે તેને એક શક્તિશાળી સાધન તરીકે અપનાવવું વધુ યોગ્ય છે. કૃત્રિમ બુદ્ધિનો વિકાસ અટકાવી શકાય તેમ નથી. તે વિશ્વની અર્થવ્યવસ્થા, શિક્ષણ, ઉદ્યોગ અને રોજગારની દિશા બદલી રહ્યો છે. એન્ટ્રી લેવલની કેટલીક નોકરીઓમાં ઘટાડો થવાની શક્યતા છે, પરંતુ સાથે સાથે નવા પ્રકારના વ્યવસાયો અને નવી કારકિર્દીઓ પણ ઉભી થઈ રહી છે. આવનાર સમય તે લોકોનો રહેશે, જેઓ સતત શીખશે, પોતાની કુશળતામાં વધારો કરશે અને બદલાતી ટેક્નોલોજી સાથે પોતાને અનુકૂળ બનાવશે. એઆઈ માનવ બુદ્ધિનું સ્થાન લેવા માટે નહીં, પરંતુ તેને વધુ શક્તિશાળી બનાવવા માટે વિકસાવવામાં આવી છે. જો સમાજ, સરકાર, શિક્ષણ સંસ્થાઓ અને ઉદ્યોગો સંયુક્ત પ્રયાસ કરશે તો એઆઈનો યુગ રોજગાર માટે સંકટ નહીં, પરંતુ નવી સમૃદ્ધિ અને વિકાસનું દ્વાર બની શકે છે.

**એઆઈની ક્રાંતિ અને નવી વાસ્તવિકતા હવે દુનિયાની સામે આવવા લાગી છે. એમ માનવામાં આવતું હતું કે એ આઈ આવ્યા પછી રોજગારીમાં ખૂબ મોટો વધારો થશે પરંતુ આનાથી ઊલટું બન્યું. રોજગારીનું પ્રમાણ ધાર્યા કરતા વધુ ને વધુ ઘટવા લાગ્યું આ એક કડવી વાસ્તવિકતા દુનિયા સામે આવી છે. જે લોકોએ ટેક્નોલોજી અપનાવી તેને રોજગારી મળશે નથી અપનાવી તે બેરોજગાર બની જશે તે વાત સ્પષ્ટ થઈ ચૂકી છે.**

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૫૦ | ૧૮૬૫ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૨૦ | ૬૦૦ |
| જુવાર સફેદ | ૧૦૩૧ | ૧૧૩૦ |
| જુવાર લાલ | ૧૦૬૫ | ૧૧૪૦ |
| જુવાર પીળી | ૪૬૦ | ૫૦૦ |
| બાજરી | ૩૫૦ | ૫૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૬૧ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૨૧૧ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૮૦૧ |
| અડદ | ૧૧૦૦ | ૧૮૨૦ |
| મગ | ૧૨૦૦ | ૧૭૬૬ |
| વાલ દેશી | ૬૦૧ | ૮૦૦ |
| ચોળી | ૯૪૦ | ૧૬૫૫ |
| વટાણા | ૬૫૦ | ૧૦૧૧ |
| કળથી | ૩૬૦ | ૬૩૦ |
| રાજમા | ૧૦૦૦ | ૧૭૧૮ |
| સીંગદાણા | ૧૭૦૦ | ૧૯૫૦ |
| મગફળી જાડી | ૧૧૫૦ | ૧૫૫૦ |
| મગફળી જીણી | ૧૧૪૦ | ૧૫૩૦ |
| તલી | ૨૨૭૦ | ૨૫૬૮ |
| એરંડા | ૧૨૭૦ | ૧૩૮૩ |
| અજમો | ૧૭૦૦ | ૨૭૦૦ |
| સુવા | ૧૨૫૧ | ૧૬૧૫ |
| સોયાબીન | ૧૨૩૦ | ૧૪૦૦ |
| સીંગફાડા | ૧૩૦૦ | ૧૬૫૦ |
| કાળા તલ | ૨૨૮૦ | ૩૭૫૦ |
| લસણ | ૧૦૮૦ | ૨૫૦૦ |
| ધાણા | ૨૫૫૦ | ૨૯૫૦ |
| ધાણી | ૨૫૦૦ | ૩૦૬૦ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૮૦૦ |
| જીરૂ | ૩૩૫૦ | ૪૧૦૫ |
| રાય | ૧૪૧૦ | ૧૬૫૦ |
| મેથી | ૯૫૫ | ૧૭૨૮ |
| ઇસબગુલ | ૧૨૫૦ | ૨૨૧૧ |
| કલોંજી | ૩૧૫૦ | ૩૫૮૦ |
| રાયડો | ૧૨૧૫ | ૧૪૩૦ |
| રજકાનું બી | ૭૦૦૦ | ૯૮૫૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૨૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૯૬ | ૬૦૧ |
| લીંબુ | ૬૫૫ | ૧૩૦૬ |
| પપૈયા | ૧૦૩ | ૨૫૭ |
| બટેટા | ૮૧ | ૨૯૨ |
| ડુંગળી સુકી | ૧૬૫ | ૪૮૧ |
| ટમેટા | ૪૫૩ | ૮૧૨ |
| સુરણ | ૭૮૬ | ૧૦૨૭ |
| કોથમરી | ૯૬૪ | ૧૬૧૩ |
| રીંગણા | ૧૨૯ | ૪૦૩ |
| કોબીજ | ૧૫૪ | ૩૪૪ |
| ફ્લાવર | ૩૬૬ | ૭૦૬ |
| ભીંડો | ૪૩૩ | ૮૦૬ |
| ગુવાર | ૪૧૬ | ૧૨૨૭ |
| ચોળાસીંગ | ૬૦૬ | ૧૪૨૧ |
| ટીંડોળા | ૨૯૬ | ૮૯૨ |
| દુધી | ૨૮૪ | ૪૯૧ |
| કારેલા | ૪૦૭ | ૮૧૪ |
| સરગવો | ૪૫૮ | ૯૧૭ |
| તુરીયા | ૪૮૭ | ૭૧૯ |
| પરવર | ૪૦૩ | ૫૯૮ |
| કાકડી | ૩૧૩ | ૧૦૧૬ |
| ગાજર | ૨૫૬ | ૫૧૩ |
| વટાણા | ૧૭૭૬ | ૨૨૪૮ |
| ગલકા | ૨૪૪ | ૪૩૬ |
| બીટ | ૨૯૮ | ૪૮૬ |
| મેથી | ૧૪૨૬ | ૧૮૬૧ |
| ડુંગળી લીલી | ૧૧૮૬ | ૧૮૯૮ |
| આદુ | ૧૯૭૭ | ૨૩૮૬ |
| મરચા લીલા | ૮૦૬ | ૧૦૩૧ |
| મકાઇ લીલી | ૨૦૩ | ૩૬૪ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૩૧ | ૧૮૨૧ |
| મગફળી જીણી | ૧૧૫૧ | ૧૬૧૬ |
| સિંગદાણા જાડા | ૧૪૦૧ | ૧૯૧૧ |
| સિંગ ફાડીયા | ૧૨૦૧ | ૧૭૩૧ |
| એરંડા / એરંડી | ૧૩૫૧ | ૧૩૯૬ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૧૨૧ |
| ક્લંજી | ૧૧૫૧ | ૨૪૯૧ |
| વરીયાળી | ૧૧૫૧ | ૧૩૯૬ |
| ધાણા | ૨૩૦૬ | ૩૧૪૧ |
| લસણ સુકું | ૧૦૭૧ | ૨૨૩૧ |
| ડુંગળી લાલ | ૧૮૧ | ૫૪૬ |
| અડદ | ૮૦૦ | ૧૮૫૧ |
| તુવેર | ૧૧૧૧ | ૧૪૭૬ |
| રાય | ૧૫૭૧ | ૧૫૯૧ |
| કારીજીરી | ૨૨૦૧ | ૨૨૦૧ |
| ગુવાર બી | ૭૨૬ | ૭૨૬ |
| મગફળી જાડી | ૧૧૨૧ | ૧૬૮૧ |
| સફેદ ચણા | ૧૦૯૧ | ૧૮૫૧ |
| ઇસબગુલ | ૪૦૦ | ૧૦૨૬ |
| ધાણી | ૨૪૦૧ | ૩૧૨૧ |
| બાજરો | ૩૨૧ | ૩૨૧ |
| જુવાર | ૨૦૧ | ૭૦૧ |
| મકાઇ | ૪૩૧ | ૪૩૧ |
| મગ | ૮૦૦ | ૧૭૪૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૮૧ |
| વાલ | ૫૫૧ | ૧૦૦૧ |
| ચોળા / ચોળી | ૩૯૧ | ૧૩૬૧ |
| સોયાબીન | ૧૨૧૧ | ૧૪૧૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૧૧ |
| વટાણા | ૫૦૦ | ૧૦૧૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૭૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૨૦૦ | ૫૦૦ |
| દુધી | ૭૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૧૦૦ | ૭૦૦ |
| રીંગણા | ૨૦ | ૨૪૦ |
| ભીંડો | ૨૦૦ | ૭૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૩૪૦૦ |
| કેરી કાચી | ૫૦૦ | ૬૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૮૦ |
| ડુંગળી પુરા | ૮ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૪ | ૧૦ |
| કોથમીર પુરા | ૨ | ૯ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ચ્રૂણ | ૭૮૦ | ૧૦૦૦ |
| ક્રુદ્દિક્રિ | ૭૦૦ | ૧૧૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૯૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૦૦૦ |
| મેથી પુરા | ૫ | ૨૩ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| સરગવો પુરા | ૨૦ | ૪૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૯૦૦ |
| કાચા પોપૈયા | ૮૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૩૮૦૦ |
| મકાઇ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૬ |
| **અમરેલી** | | |
| શિંગ ગીરનાર | ૧૪૩૫ | ૧૪૬૦ |
| શિંગ મોટી | ૧૦૧૦ | ૧૪૭૦ |
| શિંગદાણા | ૧૫૫૦ | ૨૪૩૦ |
| શિંગદાણા ફાડા | ૧૪૦૦ | ૧૪૭૫ |
| તલ સફેદ | ૧૦૯૦ | ૨૬૪૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૪૦૫૦ |
| તલ કાશમીરી | ૨૩૭૦ | ૨૩૮૫ |
| બાજરો | ૩૨૫ | ૪૪૦ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૪૦ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૩૦ |
| મગ | ૧૪૨૦ | ૧૪૨૦ |
| ચણા | ૯૯૫ | ૧૧૫૦ |
| છોલે ચણા | ૧૩૨૦ | ૧૩૨૦ |
| તુવેર | ૯૫૦ | ૧૪૪૦ |
| કપાસ | ૯૪૦ | ૧૯૧૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| જીરૂ | ૨૩૩૦ | ૩૮૭૦ |
| ધાણી | ૨૨૦૦ | ૨૮૨૫ |
| અજમા | ૨૦૧૦ | ૨૦૧૦ |
| મેથી | ૧૦૧૫ | ૧૩૯૦ |
| સોયાબીન | ૯૨૫ | ૧૩૩૦ |
| રજકાબી | ૮૭૫૦ | ૮૭૫૦ |
| કલોંજી | ૩૦૯૫ | ૩૦૯૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૫૦ | ૨૫૦ |
| રીંગણા | ૨૫૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૮૦૦ | ૯૦૦ |
| કોબીજ | ૩૪૦ | ૪૫૦ |
| શક્કરીયા | ૫૫૦ | ૬૫૦ |
| ટમેટાં | ૮૦૦ | ૮૬૦ |
| સુરણ | ૮૫૦ | ૯૫૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| દુધી | ૨૫૦ | ૩૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૫૦ | ૪૫૦ |
| કાકડી | ૭૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૯૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૨૮૦૦ | ૩૦૦૦ |
| ચોળા લીલા | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૫૨૦ | ૬૨૦ |
| આદુ | ૩૫૦૦ | ૩૭૦૦ |
| કોથમીર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મેથીભાજી | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ફ્રોદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૫૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૮૩૦ | ૯૦૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૨૧૦ |
| ડુંગળી સુકી | ૫૦૦ | ૬૪૦ |
| લસણ લીલું | ૨૦૫૦ | ૨૪૦૦ |
| લસણ સુકું | ૨૦૫૦ | ૨૪૦૦ |
| પાલક | ૬૨૦ | ૭૦૦ |
| લીંબુ | ૫૦૦ | ૭૦૦ |
| મકાઇ | ૨૨૦ | ૩૯૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૧૦૦ | ૧૪૦૦ |
| શીંગ દાણા | ૧૫૦૦ | ૧૯૭૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૫૧ |
| તલ કાળા | ૨૯૫૦ | ૩૯૫૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૧૦૦ |
| કપાસ | ૧૬૦૦ | ૧૯૦૧ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૫૦ |
| બાજરો | ૪૦૦ | ૫૨૦ |
| જુવાર | ૫૪૪ | ૧૦૯૨ |
| મગ | ૧૩૫૦ | ૧૬૫૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૬૮૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૫૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૮૦ |
| એરંડી | ૧૨૦૦ | ૧૩૫૦ |
| મેથી | ૯૫૦ | ૧૨૫૫ |
| ધાણા | ---- | ૨૮૦૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૩૩૮ |
| **ધારી** | | |
| ઘઉં લોકવન | ૪૩૯ | ૪૬૬ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૯૫ |
| ધાણા | ૩૦૦૦ | ૩૦૦૦ |
| મગ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| શીંગ ફાડા | ૧૫૭૦ | ૧૬૦૦ |
| **બગસરા** | | |
| ઘઉ લોકવન | ૪૮૦ | ૫૧૧ |
| ઘઉ ટુકડા | ૪૬૦ | ૪૯૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ચણા | ૧૦૩૦ | ૧૦૭૦ |
| ધાણા | ૨૬૧૦ | ૨૬૧૦ |
| જુવાર | ૫૦૦ | ૫૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૨૪૩૦ | ૨૪૩૦ |
| મકાઇ | ૫૫૫ | ૫૫૫ |
| તલ કાળા | ૧૮૫૦ | ૨૯૪૯ |
| શીંગદાણા | ૧૫૭૫ | ૧૬૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૧૦ | ૧૮૧૧ |
| કપાસ મીડીયમ | ૧૫૧૦ | ૧૬૦૦ |
| મગફળી | ૧૨૧૦ | ૧૩૪૦ |
| તલ સફેદ | ૨૨૫૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૩૧૫૦ | ૩૪૦૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૯૬૦ |
| ચણા | ૧૧૧૦ | ૧૧૫૦ |
| ઘઉ | ૪૮૦ | ૫૧૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૮૬૬ |
| ઘઉં | ૪૦૦ | ૪૬૫ |
| ચણા | ૯૦૧ | ૧૧૧૬ |
| તુવેર | ૯૦૧ | ૧૩૨૧ |
| મગફળી | ૯૦૧ | ૧૧૩૬ |
| શીંગદાણા | ૧૭૦૧ | ૧૯૭૧ |
| શીંગફાડા | ૧૪૦૧ | ૧૬૦૧ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૪૩૧ |
| મેથી | ૯૦૧ | ૧૧૫૧ |
| ધાણા | ૨૦૦૧ | ૨૫૯૧ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૩૬૬ |
| **કોડીનાર** | | |
| બાજરી હાઇબ્રીડ | ૪૦૦ | ૫૦૦ |
| ઘઉં | ૪૩૦ | ૫૨૬ |
| જુવાર | ૧૦૦૦ | ૧૧૦૦ |
| અડદ | ૧૭૫૦ | ૧૮૪૧ |
| મગ | ૧૪૫૦ | ૧૮૧૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૪૧ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૬૨૨ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૮૦૨ |
| સોયાબીન | ૧૧૫૦ | ૧૩૭૦ |
| સીંગદાણા | ૧૮૦૦ | ૨૧૯૯ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૦૦ | ૧૨૫૧ |
| તલ સફેદ | ૧૮૦ | ૨૫૧૨ |
| તલ કાળા | ૩૧૫૧ | ૩૧૯૦ |
| કપાસ | ૧૨૩૦ | ૧૭૫૦ |
| બાજરો | ૪૪૬ | ૫૧૬ |
| ઘઉં ટુકડા | ૪૧૧ | ૫૧૨ |
| જુવાર | ૭૯૦ | ૧૧૮૦ |
| મગ | ૧૬૫૧ | ૧૬૮૧ |
| ચણા | ૬૩૦ | ૧૦૭૦ |
| શીંગદાણા | ૧૬૫૦ | ૧૯૦૦ |

## શબ્દ સંજોગ-૨૨૨૫

**આડી ચાવી :**
(૧) જવ (૨)
(૩) ત્રણ પ્રકારનું (૩)
(૬) પહેલો....પાડોશી (૨)
(૮) ઉગ્ર, પ્રચંડ (૩)
(૧૦) લોઢાનું બાણ (૩)
(૧૨) બાંધેલો લોટ (૩)
(૧૫) ધરતીનો છેડો (૨)
(૧૬) એક જૈન તીર્થધામ (૪)
(૧૮) દુશ્મન (૨)
(૧૯) એક પુષ્પ (૩)
(૨૦) ".....પેન લઈ હું તો ભણવા જાઉં...." (૨)
(૨૧) મરે નહી એવુ (૩)
(૨૩) ગડગૂમડ ઉપર ચોપડવાનું ઔષધ (૩)
(૨૫) હારેલુ (૩)
(૨૭) ચાંદીનું સાવ પાતળુ પતરુ (૩)
(૨૯) સુંદર સ્ત્રી, લક્ષ્મી (૨)
(૩૦) એકવારમાં તળાય કે રંધાય તેટલુ (૨)
(૩૧) મળેલુ (૨)
(૩૨) ગંધથી વગોવાયેલુ, ગુણથી ગવાયેલુ (૩)

**ઉભી ચાવી :**
(૧) યયાતિ અને દેવયાનીનો પુત્ર (૨)
(૨) વધારનાર (૩)
(૪) વગર, સિવાય (૨)
(૫) ધરતી, પૃથ્વી (૨)
(૭) "નવું મકાન બનાવ્યુ, તો...વહેચો" (૪)
(૯) ઘસાવુ તે, ઘસારો (જવાબ આ-અ) (૩)
(૧૧) એક પક્ષી (૩)
(૧૩) ઠાઠડી (૪)
(૧૪) એક ધાતુ (૪)
(૧૬) તળાવ કે સરોવરનો કિનારો (૨)
(૧૭) અભ્યાસ કેળવણી (૩)
(૨૦) કંગાલ, રાંક (૩)
(૨૧) આથમવુ તે (૨)
(૨૨) રમી રહેલુ (૪)
(૨૪) મીઠું, સબરસ (૩)
(૨૬) ભાગીદારી, સરાસરી (૨)
(૨૮) શઠ, ધૂર્ત (૨)
(૨૯) જીભથી માલુમ પડતો સ્વાદ (૨)

## શબ્દ સંજોગ-૨૨૨૪ જવાબ

**આડી ચાવી:** (૧) છાત્ર (૨) કાસાર (૫) કેર (૬) અવરજવર (૮) કુંદ (૧૦) વાવાદળ (૧૧) પેકાન (૧૫) સટોસટ (૧૬) સામર (૧૮) દવલુ (૨૦) મેરઠ (૨૧) શમા (૨૩) રચી(ચીર) (૨૪) લવો(વોલ) (૨૫) ફોશી (૨૯) સુ (૩૦) લડી (૩૧) લસબસ.
**ઊભી ચાવી:** (૧) છાલકુ (૨) કાવ (૩) સારવા (૪) રજવાડું (૫) કેરળ (૭) વદ (૯) દપેટો (૧૨) કાસદ (૧૩) નટવર (૧૪) સોરઠ (૧૫) સરોશ (૧૬) સામેલ (૧૭) મરવો (૧૯) લુંચી (૨૨) માફો (૨૬) શીલ (૨૭) વીલ (૨૮) ચાસ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

મેઘરાજાએ મોટાભાગના તાલુકાઓને આવરી લેતા વાવણીકાર્ય શરૂ કરાયુ

# અમરેલી જિલ્લામાં સતત બીજા દિવસે મેઘમહેર

અમરેલી,તા.૦૨

અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં મેઘરાજાએ આખરે મહેર વરસાવતાં ખેડૂતો અને સામાન્ય લોકોમાં રાહતનો માહોલ જોવા મળ્યો છે. લીલીયા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં બપોર બાદ વરસાદી ઝાપટાં વરસ્યા હતા. અમરેલીમાં બપોરના સમયે સતત ધીમીધારે વરસાદ વરસ્યો હતો. બગસરામાં પણ સતત વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. લીલીયાના સલડી, ભેસાણ, મોટા કણકોટ અને જાત્રોડા સહિતના ગામોમાં પણ સારો વરસાદ નોંધાયો હતો. વરસાદના કારણે લાંબા સમયથી અનુભવાતી ગરમી અને અસહ્ય બફારામાંથી લોકોને રાહત મળી હતી. સાથે જ ખેડૂતોમાં આગામી વાવણીને લઈને નવી આશા જાગી છે.બાબરા પંથકમાં પણ વરસાદી માહોલ જામ્યો હતો. અનેક ખેડૂતોએ ભૂગર્ભના પાણીથી સિંચાઈ કરીને આગોતરું વાવેતર કરી દીધું હતું, પરંતુ પાકને જીવંત રાખવા માટે વરસાદની તાતી જરૂરિયાત હતી. અગાઉ થોડો વરસાદ પડ્યો હોવા છતાં તે વાવણીલાયક નહોતો. ગુરુવારે રાત્રિના સમયે બાબરા શહેર સહિત ચમારડી, ઉંટવડ, ચરખા અને આસપાસના ગામોમાં ધીમીધારે વરસાદ શરૂ થતાં ખેડૂતોમાં ખુશીની લાગણી



જોવા મળી હતી. હવે આગામી દિવસોમાં સારો વરસાદ પડશે અને વાવણીને વેગ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. દિવસભર બાબરા વિસ્તારમાં ઉકળાટભર્યું વાતાવરણ રહ્યું હતું. આકાશમાં અનેકવાર વરસાદી વાદળો છવાયા હતા, પરંતુ સાંજ સુધી વરસાદ પડ્યો નહોતો. રાત્રિ દરમિયાન મેઘસવારી શરૂ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. કોટડાપીઠામાં બે કલાકમાં બે ઈંચ વરસાદ વરસતા જગતનો તાત ખુશખુશાલ જોવા મળ્યો હતો અને લોકોને ગરમીમાંથી રાહત મળી હતી.બીજી તરફ અમરેલી જિલ્લાના છેવાડાના વડિયા વિસ્તારમાં પણ સતત બીજા દિવસે વરસાદ વરસ્યો હતો. જુલાઈ મહિનાની શરૂઆત સાથે જ મેઘરાજાએ ખેડૂતોને રાહત આપી છે. એક જુલાઈના રોજ બપોર બાદ આશરે ૩૦ મીમી વરસાદ નોંધાયો હતો, પરંતુ તે વાવણી માટે પૂરતો માનવામાં આવતો નહોતો. જ્યારે બે જુલાઈના રોજ બપોરે લગભગ અઢી વાગ્યાથી ધોધમાર વરસાદ શરૂ થયો હતો. ભારે વરસાદના કારણે રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા અને સમગ્ર વિસ્તારમાં ઠંડક પ્રસરી ગઈ હતી.વડિયા ડેમ સાઈટ પર દિવસ દરમિયાન કુલ ૬૧ મીમી વરસાદ નોંધાયો હતો. આ વરસાદ વાવણીલાયક હોવાથી ખેડૂતોમાં ભારે આનંદનો માહોલ જોવા મળ્યો હતો. અનેક ગામોમાં ખેડૂતો ખેતીના કામમાં ફરી સક્રિય બન્યા હતા. જેમણે આગોતરું વાવેતર કર્યું હતું તેમના મુરઝાતા પાકને પણ નવજીવન મળ્યું છે. લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતો હવે સારી ખેતી અને સારા ઉત્પાદનની આશા સાથે આગામી વરસાદની રાહ જોઈ રહ્યા છે.

# તુલસીશ્યામના ડુંગર પરથી ઈજાગ્રસ્ત સાબરને સારવાર ન મળ્યાનો આક્ષેપ

ઉના,તા.૦૨

તુલસીશ્યામ ખાતે રૂક્ષ્મણી માતાના ડુંગર પરથી અંદાજે ૪૦થી ૫૦ ફૂટ નીચે પટકાયેલા એક સાબરને પાંચ કલાકથી વધુ સમય સુધી સારવાર ન મળ્યાનો આક્ષેપ થયો છે. ઉનાના વિનોદભાઈ બાંભણિયાએ જણાવ્યું કે સાબરને ગરદન સહિત શરીરના ભાગોમાં ગંભીર ઈજા થઈ હતી. મંદિર



ટ્રસ્ટ મારફતે વન વિભાગને જાણ કરાઈ હોવા છતાં લાંબા સમય સુધી કોઈ રેસ્ક્યુ ટીમ કે પશુચિકિત્સક સ્થળે પહોંચ્યા નહોતા. બાદમાં વિવિધ વન અધિકારીઓને ફોન કરીને પણ જાણ કરવામાં આવી હતી. રાત્રે મોડે સુધી કોઈ કાર્યવાહી ન થતાં સ્થાનિકોમાં રોષ ફેલાયો હતો. ઘટનાનો વીડિયો બનાવતા મોબાઈલ ઝૂંટવી લઈ વીડિયો ડિલીટ કરવાની ધમકી અપાઈ હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. સ્થાનિકોએ સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ અને જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે.

# ઉર્જામંત્રી કૌશિક વેકરીયાના હસ્તે આજથી અમરેલીમાં કૃષિ ઉત્પાદિત વસ્તુઓના વેચાણ કેન્દ્રનો પ્રારંભ

અમરેલી,તા.૦૨

અમરેલી જિલ્લાના નાગરિકોને શુધ્ધ, સાત્વિક અને સંપૂર્ણ ઝેરમુક્ત કૃષિ ઉત્પાદનો એક જ સ્થળેથી મળી રહે તેમજ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને તેમના ઉત્પાદનો માટે યોગ્ય બજાર મળી રહે તે હેતુથી અમરેલી શહેરમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદિત વસ્તુઓના વેચાણ કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, નગરપાલિકા અમરેલી અને ABLL ફાર્મર પ્રોડ્યુસર કંપનીના સંયુક્ત ઉપક્રમે શરૂ થનારા આ કેન્દ્રનું લોકાર્પણ ૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ સવારે ૧૧ વાગ્યે નવા બસ સ્ટેન્ડ ખાતે નાગનાથ મહાદેવ મંદિરની બાજુમાં યોજાશે. રાજ્યના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, કાયદા અને ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી કૌશિકભાઈ



વેકરિયાના હસ્તે કેન્દ્રનું ઉધ્ધાટન કરવામાં આવશે. આ વેચાણ કેન્દ્રમાં અમરેલી જિલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો દ્વારા ગાય આધારિત પ્રાકૃતિક પધ્ધતિથી ઉત્પાદિત અનાજ, કઠોળ, શાકભાજી, મસાલા, તેલ, ગોળ સહિતની વિવિધ ઝેરમુક્ત કૃષિ પેદાશોનું સીધું વેચાણ કરવામાં આવશે. વેચાણ કેન્દ્ર દરરોજ સવારે ૮ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધી તેમજ સાંજે ૪ વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા સુધી કાર્યરત રહેશે. આયોજકો દ્વારા વધુમાં વધુ નાગરિકોને આ વેચાણ કેન્દ્રનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

# ઊનામાં વીજશોક લાગતાં વેપારી યુવાનનું કરુણ મોત

ઊના,તા.૦૨

શહેરના ખોજાખાના વિસ્તારમાં વહેલી સવારે એક અત્યંત કરુણ ઘટના સામે આવી છે. અહીં શિવગંગા ટોબેકો નામની દુકાન ધરાવતા સિંધી સમાજના આશાસ્પદ યુવાન સંજયભાઈ મનોહરભાઈ જશવાણીનું વીજ કરંટ લાગવાથી ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.



સંજયભાઈ સવારે નિત્યક્રમ મુજબ પોતાની દુકાનનું લોખંડનું શટર ખોલી રહ્યા હતા, ત્યારે જ અચાનક ભારે વીજ કરંટ લાગતાં તેઓ ઢળી પડ્યા હતા. પ્રાથમિક અનુમાન મુજબ, દુકાન ઉપરના લોખંડના પતરા પરથી પસાર થતો ઈલેક્ટ્રિક વાયર અડી જતાં શોર્ટ સર્કિટ થયું હતું. સ્થાનિક વેપારીઓ અને પરિવારજનોએ PGVCLની ઘોર બેદરકારીના કારણે આ અકસ્માત સર્જાયો હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. ઘટના બાદ સાવચેતીના ભાગરૂપે વીજ પુરવઠો બંધ કરાયો હતો.

# કોડીનારમાં વારંવાર વીજળી ગૂલ થતા શહેરીજનોમાં આક્રોશ

કોડીનાર,તા.૦૨

ગીર પંથકમાં લાંબા ઈંતજાર બાદ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતાં કોડીનારમાં આજે ૪ ઈંચ વરસાદ નોંધાયો હતો. જોકે સીઝનના પ્રથમ જ સારા વરસાદે વીજ વિભાગની પ્રી-મોન્સૂન કામગીરી સામે સવાલો ઊભા કર્યા છે. ગઈ રાત્રિથી શરૂ થયેલા વરસાદ દરમિયાન શહેર અને આસપાસના વિસ્તારોમાં વારંવાર વીજ પુરવઠો ખોરવાયો હતો. અંદાજે ૨૦ કલાકમાં ટુકડે-ટુકડે પાંચથી છ કલાક સુધી વીજળી ગુલ રહેતા શહેરીજનો, વેપારીઓ અને વિદ્યાર્થીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સતત વીજળી આવતી-જતી રહેતાં વોલ્ટેજમાં વધઘટ સર્જાઈ હતી, જેના કારણે ટીવી, ફ્રિજ, કોમ્પ્યુટર અને અન્ય વીજ ઉપકરણોને નુકસાન થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી હતી. સ્થાનિકોએ વરસાદી મોસમ દરમિયાન સતત અને વિશ્વસનીય વીજ પુરવઠો જાળવવા તંત્ર તાત્કાલિક ખામીઓ દૂર કરી અસરકારક કામગીરી કરે તેવી માંગ કરી છે.

# કોડીનાર તાલુકામાં ત્રિ-દિવસીય પોલિયો રસીકરણ અભિયાનનો પ્રારંભ કરાયો

કોડીનાર,તા.૦૨

ભારત સરકારના રાષ્ટ્રીય પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત કોડીનાર તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ત્રણ દિવસીય પલ્સ પોલિયો રસીકરણનો વિશેષ રાઉન્ડ સફળતાપૂર્વક શરૂ થયો હતો. આ અભિયાન હેઠળ ૦ થી ૫ વર્ષના અંદાજે ૧૯,૬૯૭ બાળકોને પોલિયોની જીવનરક્ષક રસી આપી સુરક્ષિત કરવામાં આવ્યા છે. તાલુકામાં કુલ ૧૨૪ પોલિયો બૂથનું આયોજન કરાયું છે, જેમાં ૪૮૦ જેટલા આરોગ્ય કર્મચારીઓ,




આશા વર્કરો, આંગણવાડી કાર્યકરો અને સ્વયંસેવકો સેવા આપી રહ્યા છે. કાર્યક્રમના પ્રારંભ પ્રસંગે નગરપાલિકાના ઉપપ્રમુખ શિવાભાઈ સોલંકી,અજયભાઈ પરમાર, પંચાયતના સદસ્યો, સરપંચો અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સાંસદ ભરતભાઈ સુતરીયા, ઉર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયા સહિત આગેવાનોની હાજરીમાં

# અમરેલી માહિતી ખાતાના બે કર્મચારીઓ નિવૃત થતા સન્માન કરાયુ

અમરેલી સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે જિલ્લા માહિતી કચેરીના બે કર્મયોગીઓ ફિલ્મ ઓપરેટર ભૂપતભાઈ પાથર (૩૪ વર્ષની સેવા) અને સેવક મનસુખભાઈ રાઠોડ (૩૩ વર્ષની સેવા)નો વયનિવૃત્તિ નિમિત્તે લાગણીસભર વિદાયમાન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે કાયદો અને ન્યાય, ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા તેમજ પૂજ્ય સંતો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ બંને કર્મચારીઓની નિષ્ઠાને બિરદાવતા જણાવ્યું કે, માહિતી વિભાગ વહેલી સવાર હોય કે મોડી રાત, સરકારી કાર્યક્રમોની કામગીરીમાં ક્યારેય પાછીપાની કરતો નથી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'કર્મયોગી' શબ્દની ગરિમા આ બંને કર્મચારીઓએ પોતાની પ્રમાણિકતાથી જાળવી રાખી છે. સાંસદ ભરતભાઈ સુતરીયાએ પણ માહિતી ખાતાને સરકાર અને જનતા વચ્ચેનો મહત્વનો સેતુ ગણાવ્યો હતો. રાજકોટ-જૂનાગઢ પ્રાદેશિક કચેરીના







સંયુક્ત માહિતી નિયામક મિતેષ મોડાસિયા સહિત અન્ય પૂર્વ અને વર્તમાન અધિકારીઓએ પણ બંને નિવૃત્ત થતા કર્મચારીઓ સાથેના સંસ્મરણો વાગોળી સરાહનીય કામગીરીને બિરદાવી હતી. સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવો, પત્રકારો અને સહકર્મીઓ દ્વારા શાલ ઓઢાડીને બંને કર્મયોગીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું અને તેમના સ્વસ્થ તેમજ સુખમય નિવૃત્ત જીવન માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં સ્નેહીજનો અને મીડિયાના મિત્રો હાજર રહ્યા હતા.


**શ્રી તાજપર ગ્રામ પંચાયત તા.લાઠી જિ.અમરેલી**

**-:: જાહેર હરરાજી ::-**

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવવાનું કે, તાજપર ગામે બસ સ્ટેન્ડ સામે આવેલ જુના જર્જરીત ગ્રામ પંચાયત કચેરીના સ્લેબવાળા મકાન પાડી તળીયા લેવલ સુધી ખુલ્લી કરવા માટે ઈમલાની જાહેર હરરાજી તા.૦૬/૦૭/૨૦૨૬ ને સોમવાર ના રોજ સવારના ૧૦:૦૦ કલાકે ગ્રામ પંચાયત કચેરી, બસસ્ટેન્ડ સામે, મુ.તાજપર તા.લાઠી ખાતે રાખવામાં આવેલ હોય તો આ હરરાજીમાં રસ ધરાવતાં લોકોએ ઉપરોકત તારીખ,વાર સ્થળ તેમજ દર્શાવેલ સમયે હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

**સ્થળ : ગ્રામ પંચાયત કચેરી, બસસ્ટેન્ડ સામે, મુ.તાજપર તા.લાઠી**
**તારીખ : તા.૦૬/૦૭/૨૦૨૬ ને સોમવાર સમય : સવારના ૧૦:૦૦ કલાકે**

નોંધ:- ૧) હરરાજીના નિયમો અને શરતો સ્થળ ઉપર જ રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.
૨) નકિક થઈ આવેલ અપસેટ કિંમત રૂા.૧૮૫૦૦/- અંકે રૂપિયા અઢાર હજાર પાંચસો પુરા છે.
૨) હરરાજીમાં ભાગ લેનારે રૂા.૨૦૦૦/- અગાઉ સ્થળ ઉપર જમાં કરાવવાના રહેશે ત્યારબાદ જ તે વ્યકિત હરરાજીમાં ભાગ લઈ શકશે.
૩) હરરાજીનો આખરી નિર્ણય ગ્રામ પંચાયત તાજપરને આધિન રહેશે.

સરપંચશ્રી
તાજપર ગ્રામ પંચાયત
તા.લાઠી જિ.અમરેલી



-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.175/2026
જન્મ તારીખ : 01/06/1978

શ્રી હારુનભાઈ સકુરભાઈ જાડા,
રહે.કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર,
નગરપાલીકા, કોડીનાર, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી હારુનભાઈ સકુરભાઈ જાડા, રહે.કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ઈભરામ અબ્દુલા પાણાવઢુ તથા હવાબેન ના પુત્ર ઈકબાલ ઈભરામ પાણાવઢુનો જન્મ તારીખ.01/06/1978ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.204/2026
જન્મ તારીખ : 01/09/1993

શ્રી જુમાભાઈ અલ્લારખાભાઈ ઢોકી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી
ગ્રામ પંચાયત, મુળ દ્વારકા, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી જુમાભાઈ અલ્લારખાભાઈ ઢોકી, રહે.મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી જુમાભાઈ અલ્લારખાભાઈ ઢોકી તથા જેબુનબેન જુમાભાઈ ઢોકી ના પુત્ર અનુભાઈનો જન્મ તારીખ.01/09/1993ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



**મામલતદાર અને એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ**

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૬૫/૨૦૨૬

શ્રી ગભરૂભાઈ લાખાભાઈ ભોકુ,
રહે.બામણગઢ, તા.ભેંસાણ, જી.જુનાગઢ
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - બામણગઢ
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી શ્રી ગભરૂભાઈ લાખાભાઈ ભોકુ દ્વારા તેઓના પુત્રશ્રી કૌશિક ગભરૂભાઈ ભોકુનો જન્મ તા.૦૪/૦૯/૧૯૯૯ તથા તેઓના નાનાપુત્ર શ્રી કરણ ગભરૂભાઈ ભોકુનો જન્મ તા. ૨૬/૦૭/૨૦૦૩ના રોજ ગામ/મોજે: બામણગઢ, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી - બામણગઢ, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૨૫ મી માહે : જુન સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

# ધરપકડ થતાં જ PM અને CM ગુમાવશે પદ: ચોમાસુ સત્રમાં બંધારણીય સુધારો બિલ રજૂ થવાની શક્યતા

નવી દિલ્હી, તા.૦૨

ગંભીર ફોજદારી કેસોમાં ધરપકડના કિસ્સામાં વડાપ્રધાન, મુખ્યમંત્રીઓ અને મંત્રીઓએ ફરજિયાત રાજીનામું આપવું પડે તેવી જોગવાઈ ધરાવતું ૧૩૦મું બંધારણીય સુધારો બિલ આગામી ચોમાસુ સત્રમાં રજૂ થઈ શકે છે.



આ બિલની સમીક્ષા કરી રહેલી સંયુક્ત સંસદીય સમિતિ (JPC) ૧૭ જુલાઈએ પોતાનો અંતિમ અહેવાલ સ્વીકારે તેવી પૂરી સંભાવના છે.

આ બિલની સૌથી વિવાદાસ્પદ જોગવાઈ મુજબ, જો વડાપ્રધાન, મુખ્યમંત્રી કે કોઈ મંત્રીની ગંભીર ગુના હેઠળ ધરપકડ થાય અને તેઓ સતત ૩૦ દિવસ સુધી ન્યાયિક અથવા પોલીસ કસ્ટડીમાં રહે, તો તેઓને આપમેળે પદ પરથી હટાવી દેવામાં આવશે. આ જોગવાઈનો હેતુ ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા નેતાઓને ટોચના પદો પર રહેતા રોકવાનો છે. ૨૦ જુલાઈથી શરૂ થનારા સંસદના ચોમાસુ સત્રમાં આ બિલ પર શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે ભારે ચર્ચા થવાના એંધાણ છે. નોંધનીય છે કે, પશ્ચિમ બંગાળ, આસામ અને પુડુચેરીમાં ભાજપ ગઠબંધનની જીત બાદ આ સત્ર યોજાવા જઈ રહ્યું છે.

# મહારાષ્ટ્રમાં કસ્ટોડિયલ ડેથ મામલે ૯ પોલીસ કર્મીઓને આજીવન કેદની સજા

વાશિમ,તા.૦૨

મહારાષ્ટ્રના વાશિમ જિલ્લા અદાલતે પોલીસ કસ્ટડીમાં થયેલા ૧૫ વર્ષ જૂના હત્યા કેસમાં મહત્વનો ચુકાદો આપતા પૂર્વ પોલીસ અધિકારી સહિત કુલ ૯ પોલીસકર્મીઓને આજીવન કેદની સજા ફટકારી છે. આ ઘટના ૧૦ મે, ૨૦૧૧ના રોજ રિસોડ પોલીસ સ્ટેશનમાં બની હતી. પોલીસે પારધી સમાજના બેગ્યા પવાર નામના યુવકને



પૂછપરછના બહાને રાત્રે તેના ઘરેથી લઈ જઈ પોલીસ સ્ટેશનમાં ક્રૂર માર માર્યો હતો, જેના કારણે તેનું મોત થયું હતું. ઘટનાને પગલે ભારે વિરોધ થયો હતો. પોસ્ટમોર્ટમ અને મેડિકલ તપાસમાં યુવકના શરીરના અનેક હાડકાં તૂટ્યા હોવાનું સામે આવ્યું હતું. મામલાની તપાસ બાદમાં CIDને સોંપવામાં આવી હતી. તપાસ અધિકારી અનવર શેખે પોલીસ સ્ટેશનમાં થયેલા થર્ડ ડિગ્રી અત્યાચારના પુરાવા એકત્ર કરી કોર્ટમાં મજબૂત ચાર્જશીટ રજૂ કરી હતી. લાંબી કાનૂની પ્રક્રિયા બાદ અદાલતે પૂર્વ પોલીસ અધિકારી મહાદેવ માણિક ધાંડે સહિત અન્ય ૮ પોલીસકર્મીઓને દોષિત જાહેર કરીને આજીવન કેદની સજા સંભળાવી છે. દોષિતોમાંથી બે કર્મચારીઓ નિવૃત્ત થઈ ચૂક્યા છે.

# રાજા રઘુવંશી હત્યા કેસ સુપ્રીમ કોર્ટમાં: પત્ની સોનમના જામીન વિરુધ્ધ મેઘાલય સરકારની અપીલ

નવી દિલ્હી, તા.૦૨

મધ્યપ્રદેશના ઈન્દોરના ઉદ્યોગપતિ રાજા રઘુવંશી હત્યા કેસના પડઘા હવે સુપ્રીમ કોર્ટમાં પડ્યા છે. મેઘાલય હાઈકોર્ટે મુખ્ય આરોપી અને મૃતકની પત્ની સોનમ રઘુવંશીને આપેલા જામીનને પડકારતા મેઘાલય સરકારે સર્વોચ્ચ અદાલતનો સંપર્ક કર્યો છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ આ મામલાને અત્યંત ગંભીર ગણાવી તાકીદે સુનાવણી કરવા વિનંતી કરી હતી, જેને ગ્રાહ્ય રાખતા સુપ્રીમ કોર્ટે શુક્રવારે સુનાવણી હાથ ધરવા સંમતિ આપી છે. એસજી તુષાર મહેતાએ કોર્ટને જણાવ્યું કે, લગ્નના બહાને પતિને મેઘાલય લઈ જઈ અન્ય સાથીદારો સાથે મળી તેની હત્યા કરી લાશ ફેંકી દેવાઈ હતી. માત્ર ધરપકડના મેમોમાં ટાઈપિંગની નાની ભૂલના આધારે હાઈકોર્ટે જામીન આપ્યા છે, જેનાથી આરોપીના ફરાર થવાનો મોટો ભય છે. ઉલ્લેખનીય છે કે હનીમૂન દરમિયાન શિલોંગના વેઈ સવોડોંગ ધોધ નજીકથી રાજાનો મૃતદેહ મળ્યો હતો.

# બિહાર, એમપી અને ગુજરાતની ૩ વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી જાહેર: ૩૦ જુલાઈએ મતદાન, ૩ ઓગસ્ટે પરિણામ

નવી દિલ્હી, તા.૦૨

ચૂંટણી પંચે બિહારની બાંકીપુર, મધ્યપ્રદેશની દાતિયા અને ગુજરાતની માંજલપુર વિધાનસભા બેઠક માટે પેટાચૂંટણીના કાર્યક્રમની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. આ ત્રણેય બેઠકો પર ૩૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ મતદાન થશે, જ્યારે ૩ ઓગસ્ટે મતગણતરી હાથ ધરી પરિણામ જાહેર કરાશે. સમગ્ર



ચૂંટણી પ્રક્રિયા ૪ ઓગસ્ટ સુધીમાં પૂર્ણ કરી લેવામાં આવશે.

બાંકીપુર બેઠક ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનના રાજીનામાથી, દાતિયા બેઠક રાજેન્દ્ર ભારતીનું સભ્યપદ રદ થવાથી અને માંજલપુર બેઠક ધારાસભ્ય યોગેશભાઈ નારાયણદાસના અવસાનના કારણે ખાલી પડી હતી. ચૂંટણી પંચના સમયપત્રક અનુસાર, આ પેટાચૂંટણી માટે ૬ જુલાઈએ ગેઝેટ નોટિફિકેશન બહાર પાડવામાં આવશે. ઉમેદવારો ૧૩ જુલાઈ સુધી ફોર્મ ભરી શકશે, જેની ચકાસણી ૧૪ જુલાઈએ થશે. જ્યારે ફોર્મ પાછા ખેંચવાની છેલ્લી તારીખ ૧૬ જુલાઈ નક્કી કરવામાં આવી છે.

# ટીવીકેના ધારાસભ્યને રૂ. ૩૫ કરોડની ઓફર મામલે ત્રણની કરાઈ ધરપકડ


ચેન્નાઈ, તા.૦૨

તમિલનાડુમાં સુપરસ્ટાર વિજયની આગેવાની હેઠળની ટીવીકે (TVK) સરકારને અસ્થિર કરવાના કથિત કાવતરામાં પોલીસે ત્રણ લોકોની ધરપકડ કરી છે. ઉથાગમંડલમના ટીવીકે ધારાસભ્ય એન. ઈલૈયારાજાએ ફરિયાદ નોંધાવી હતી કે, વિધાનસભા અધ્યક્ષ વિરુધ્ધ અવિશ્વાસ પ્રસ્તાવની તરફેણમાં મતદાન કરવા માટે તેમને એક કન્સલ્ટન્સી ફર્મના વ્યક્તિ દ્વારા રૂ. ૩૫ કરોડની ઓફર અને બાદમાં ધમકી આપવામાં આવી હતી. પોલીસ તપાસ અનુસાર, આ ષડયંત્રમાં ડીએમકેના પૂર્વ મંત્રી વી. સેન્થિલ બાલાજી અને તેમના ભાઈ અશોક કુમારની સંડોવણી હોવાનું બહાર આવ્યું છે. ગુપ્તચર વિભાગના મતે સરકાર તોડી પાડવા માટે ટીવીકેના ઓછામાં ઓછા ૧૫ ધારાસભ્યો ખરીદવાનું કાવતરું હતું. મંત્રી પી. નિર્મલ કુમારે દાવો કર્યો છે કે વિપક્ષ છેલ્લા ૪૦ દિવસથી શાસક પક્ષના ધારાસભ્યોને લલચાવવાનો પ્રયાસ કરી રહ્યો છે.

# મુંબઈ પાણીમાં ગરકાવ, હિમાચલ-જમ્મુમાં વાદળ ફાટતાં ભારે તબાહી

નવી દિલ્હી, તા.૦૨

દેશભરમાં ચોમાસાની ધમાકેદાર એન્ટ્રી સાથે જ અનેક રાજ્યોમાં આફત આવી છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં કોંકણ પ્રદેશ, ગોવા અને દક્ષિણ ગુજરાત માટે રેડ એલર્ટ જારી કર્યું છે. ભારે વરસાદને કારણે મુંબઈના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં જનજીવન અને વાહનવ્યવહાર ખોરવાઈ ગયા છે.




બીજી તરફ પહાડી રાજ્યોમાં કુદરતે કહેર વર્તાવ્યો છે. જમ્મુ-કાશ્મીરના ડોડા અને હિમાચલ પ્રદેશના લાહૌલ-સ્પીતિ તથા ચંબામાં ચાર સ્થળોએ વાદળ ફાટવાથી રસ્તા, પાક અને વીજળી ગુલ થઈ ગયા છે. હિમાચલમાં સામાન્ય કરતાં ૨૫૧% વધુ વરસાદ નોંધાયો છે, જ્યારે મંડીમાં પથ્થર પડવાથી એક મહિલાનું મોત થયું છે. ઉત્તરાખંડમાં પણ ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે બદ્રીનાથ હાઈવે બંધ થતાં ચારધામ યાત્રા પ્રભાવિત થઈ છે અને કેદારનાથની હેલિકોપ્ટર સેવા રોકી દેવાઈ છે. આસામમાં પૂરના કારણે ૪૬,૦૦૦થી વધુ લોકો પ્રભાવિત થયા છે, જ્યારે કર્ણાટકના મેંગલુરુમાં ભૂસ્ખલન થતાં ત્રણ મહિલાઓનાં મોત નીપજ્યાં છે.

# દિલ્હી-એનસીઆરમાં આતંકવાદી હુમલાનું મોટું ષડયંત્ર નિષ્ફળ : ISI નેટવર્કના ચાર આરોપીઓની ધરપકડ

નવી દિલ્હી, તા.૦૨

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI દ્વારા પ્રાયોજિત આંતરરાજ્ય આતંકવાદી અને હથિયાર નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પોલીસે દિલ્હી-એનસીઆરમાં મોટા હુમલાનું કાવતરું ઘડી રહેલા ચાર આરોપીઓની ધરપકડ કરી છે, જેમાં ત્રણ પંજાબના અને એક દિલ્હીનો છે. તેમની ઓળખ



શુભદીપ સિંહ, ગુરજંત સિંહ, સાજન સિંહ અને ગગનપ્રીત તરીકે થઈ છે. આ આરોપીઓ પાકિસ્તાની આઈએસઆઈ હેન્ડલર શહઝાદ ભટ્ટીના નિર્દેશ પર વિદેશી નંબરોનો ઉપયોગ કરીને નેટવર્ક ચલાવતા હતા. પોલીસે તેમની પાસેથી વિદેશી બનાવટની બે પિસ્તોલ, નવ જીવંત કારતૂસ અને પાંચ મોબાઈલ ફોન જપ્ત કર્યા છે. પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે આરોપી શુભદીપ ડ્રોન દ્વારા હથિયારો અને ડ્રગ્સ મેળવતો હતો. જ્યારે દિલ્હીના આરોપી ગગનપ્રીતને પોલીસ સ્ટેશનો, ધાર્મિક સ્થળો અને ધરણાં પ્રદર્શનોની જાસૂસી કરીને વિડીયો બનાવવાનું તેમજ ગોળીબારની ઘટનાને અંજામ આપવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

# પાકિસ્તાનથી ભારત આવેલા લોકો શરણાર્થી નહીં પણ વિસ્થાપિત હતા : મોહન ભાગવત

નાગપુર, તા.૦૨

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા ડૉ. મોહન ભાગવતે નાગપુરમાં સિંધુ એજ્યુકેશન સોસાયટીના એક કાર્યક્રમમાં જણાવ્યું કે, ભાગલા સમયે બધું જ છોડીને પાકિસ્તાનથી ભારત આવેલા લોકો શરણાર્થી નહીં પરંતુ 'વિસ્થાપિત' હતા, કારણ કે તેમના માટે ખોટો શબ્દ વાપરવામાં આવ્યો હતો. આ લોકો



પોતાની પેઢીઓની મિલકત અને વ્યવસાય છોડીને દેશ અને ધર્મ પ્રત્યેના પ્રેમ ખાતર ભારત આવ્યા હતા. તેમણે ઉમેર્યું કે, બધું ગુમાવ્યા પછી પણ આ લોકો ભાગ્યના ભરોસે રડતા બેઠા નહોતા, પણ પુરુષાર્થ કરીને ફરી બેઠા થયા છે. ગીતાનો સંદર્ભ આપતાં તેમણે કહ્યું કે, જીવનમાં ક્યારેય હાર માનીને ભાગવું ન જોઈએ. આ ઉપરાંત, તેમણે શિક્ષણ અંગે વાત કરતા જણાવ્યું કે, સાચું જ્ઞાન ઘરથી શરૂ થાય છે અને બાળકની પ્રથમ શિક્ષક તેની માતા હોય છે.

# ઈરાનના સુપ્રિમો આયાતુલ્લાહ ખામેનીના અંતિમ સંસ્કારમાં ભારતીય નેતાઓને આમંત્રણ


નવી દિલ્હી, તા.૦૨

ઈરાનના પૂર્વ સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીના અંતિમ સંસ્કાર ૫ થી ૯ જુલાઈ દરમિયાન તેહરાન, કોમ અને મશહદમાં યોજાશે. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ અમેરિકા-ઈઝરાયેલ હુમલામાં તેમની હત્યા થઈ હતી, પરંતુ હવે યુધ્ધ સમાપ્ત થતાં અંતિમ વિધિ કરાશે, જેમાં આશરે ૨ કરોડ લોકો જોડાવાની આશા છે. આ વૈશ્વિક કાર્યક્રમ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભારતના અનેક નેતાઓને આમંત્રણ મળ્યું છે. ભારત સરકારે પીએમ મોદીના સ્થાને બિહારના રાજ્યપાલ સૈયદ અતા હસનૈન અને વિદેશ રાજ્યમંત્રી પવિત્રા માર્ગારેથાને મોકલવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત ભાજપ પ્રમુખ નીતિન નવીન, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને પીડીપી વડા મહેબૂબા મુફ્તીને પણ આમંત્રણ અપાયું છે.

# રામ મંદિર દાન ચોરી મામલે અયોધ્યામાં વકીલોનું રસ્તા પર વિરોધ પ્રદર્શન, ચંપત રાય સામે FIRની માંગ

અયોધ્યા, તા.૦૨

રામ મંદિરમાં ચઢાવાયેલા દાનની કથિત ચોરીના મામલે અયોધ્યામાં ભારે હોબાળો મચ્યો છે. ફૈઝાબાદ બાર એસોસિએશનના પ્રમુખ કાલકા પ્રસાદ મિશ્રાના નેતૃત્વમાં ૫૦૦થી વધુ વકીલોએ રસ્તા પર ઉતરીને ઉગ્ર વિરોધ પ્રદર્શનો કર્યા હતા. વકીલોએ રામ જન્મભૂમિ પોલીસ સ્ટેશનમાં ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય, અનિલ મિશ્રા અને ગોપાલ રાવ સામે એફઆઈઆર (FIR) નોંધાવવા ફરિયાદ કરી છે. વકીલોએ ચીમકી



આપી છે કે જો પોલીસ કેસ દાખલ નહીં કરે તો તેઓ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવશે. બીજી તરફ, ટ્રસ્ટના સભ્ય મહંત દિનેન્દ્ર દાસ મહારાજે સહાયક પ્રશાસક ગોપાલ રાવ પર ગંભીર આરોપ લગાવતા કહ્યું કે, તેઓ ભગવાન રામની પરંપરાઓનું ઉલ્લંઘન કરીને રાજકારણ રમી રહ્યા છે અને મામલાને વધુ ગૂંચવી રહ્યા છે.

# ઈસરો મુખ્યાલયને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીથી ખળભળાટ, તપાસ બાદ અફવા નીકળી

બેંગલુરુ, તા.૦૨

બેંગલુરુ સ્થિત ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ISRO)ના હેડક્વાર્ટરને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈમેઈલ મળતાં સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની ગંભીરતાને જોઈને પોલીસ ટીમ, ડોગ સ્ક્વોડ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ તાત્કાલિક ઈસરો મુખ્યાલય પહોંચી હતી. સાવચેતીના ભાગરૂપે ઈમારતના તમામ કર્મચારીઓને





બહાર કાઢી સમગ્ર પરિસરનું વ્યાપક સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું, જેમાં કોઈ શંકાસ્પદ વસ્તુ ન મળતાં આ ધમકી નકલી (હોક્સ) સાબિત થઈ હતી.

આ મામલે તપાસ કરી રહેલી દિલ્હી પોલીસે ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદથી ૩૬ વર્ષીય આરોપી નિશાંત ત્યાગીની ધરપકડ કરી છે. ટેકનિકલ દેખરેખ અને ડિજિટલ આઈપી એડ્રેસ ટ્રેક કરીને પોલીસ તેના સુધી પહોંચી હતી. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી વર્ષ ૨૦૦૮થી માનસિક બીમારીથી પીડાઈ રહ્યો છે અને તેની સારવાર ચાલી રહી છે. આરોપીએ ૨૯ જૂનના રોજ ઈસરો ઉપરાંત NIA, DRDO અને એર ઈન્ડિયાની ફ્લાઈટ સહિત અનેક હાઈ-સિક્યોરિટી સંસ્થાઓને પણ આવા જ ધમકીભર્યા મેઈલ મોકલ્યા હતા.

# પાકિસ્તાનમાં સિંધુ જળ સંધિ સ્થગિત થતાં જનતાનો વિરોધ, નેતાઓની યુધ્ધની ગીધડ ધમકી

ઈસ્લામાબાદ, તા.૦૨

ગયા વર્ષે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત સરકાર દ્વારા 'સિંધુ જળ સંધિ' સ્થગિત કરવામાં આવી છે. આ નિર્ણયના કારણે પાકિસ્તાનમાં અત્યંત ગંભીર જળ સંકટ ઊભું થયું છે. દેશના મુખ્ય બંધો અને જળાશયોમાં પાણીનું સ્તર રેકોર્ડબ્રેક નીચું વહી ગયું છે, જેને પગલે પાકિસ્તાનની જનતા રોડ પર ઉતરીને સરકાર સામે ઉગ્ર




વિરોધ પ્રદર્શનો કરી રહી છે. બીજી તરફ, પોતાની નિષ્ફળતા છુપાવવા પાકિસ્તાની નેતાઓ ભારત સામે યુધ્ધની ધમકીઓ આપી રહ્યા છે. ઈસ્લામાબાદમાં યોજાયેલા એક આંતરરાષ્ટ્રીય સેમિનારમાં સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફ અને પૂર્વ વિદેશ પ્રધાન બિલાવલ ભુટ્ટો ઝરદારીએ નિવેદન આપ્યું કે, "સિંધુ નદી પાકિસ્તાનની જીવનરેખા છે. જો ભારત આ સંધિ પુનઃસ્થાપિત નહીં કરે, તો પાકિસ્તાન યુદ્ધ કરતાં પણ અચકાશે નહીં." પર્યાવરણ મંત્રી મુસાદિક મલિકે વૈશ્વિક સમુદાયને હસ્તક્ષેપ કરવા અપીલ કરતાં ભારત પર પાકિસ્તાનમાં નરસંહાર કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. ભારતે કાશ્મીરમાં સિંધુ અને તેની ઉપનદીઓ પર અટકેલા બંધ પ્રોજેક્ટ્સનું કામ ઝડપી બનાવી દીધું છે.

દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ભરાયા

# સૌરાષ્ટ્રમાં બારે મેઘ ખાંગા : માંગરોળમાં ૪ કલાકમાં ૮ ઈંચ વરસાદ

જૂનાગઢ,તા.૦૨

ગુજરાતમાં જુલાઈ મહિનાની શરૂઆતથી જ વરસાદે જોરદાર એન્ટ્રી કરી છે. રાજ્યના અનેક વિસ્તારોમાં સતત બીજા દિવસે પણ ધોધમાર વરસાદ વરસતા જનજીવન પર તેની સીધી અસર જોવા મળી રહી છે. સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ભરાયા છે અને નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. આજે રાજ્યના ૮૫થી વધુ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે, જેમાં જૂનાગઢ જિલ્લાના માંગરોળમાં માત્ર ચાર કલાકમાં સાડા સાત ઈંચ વરસાદ વરસતા શહેરના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ગીર સોમનાથ જિલ્લાના વેરાવળમાં પણ ભારે વરસાદને કારણે અનેક રસ્તાઓ પાણીમાં ડૂબી ગયા હતા. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. શહેરના એક શિવ મંદિરમાં પણ વરસાદી પાણી ઘૂસી જતા ભક્તોમાં ચિંતા ફેલાઈ હતી. બીજી તરફ સુરતના ડીંડોલી વિસ્તારમાં ભારે વરસાદના કારણે અંદાજે ૪૦ મીટર જેટલો રોડ અચાનક બેસી ગયો હતો. રોડ ધસી જતાં ત્યાંથી પસાર થતા કેટલાક વાહનો તેમાં ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં તંત્ર તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યું હતું અને માર્ગને બંધ કરી સુરક્ષાની કાર્યવાહી



હાથ ધરી હતી.હવામાન વિભાગે જણાવ્યું છે કે હાલમાં ગુજરાત પર એકસાથે પાંચ અલગ અલગ વેધર સિસ્ટમ સક્રિય થઈ રહી છે. જેમાં ટ્રફ, શેયર ઝોન, લો પ્રેશર, સાયક્લોનિક સર્ક્યુલેશન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સનો સમાવેશ થાય છે. તેના કારણે આગામી દિવસોમાં રાજ્યના અનેક જિલ્લાઓમાં અત્યંત ભારેથી અતિભારે વરસાદ વરસવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આજે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે રાજકોટ, અમરેલી, વડોદરા અને નર્મદા જિલ્લામાં ઓરેન્જ એલર્ટ તથા દ્વારકા, જામનગર અને આણંદ જિલ્લામાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આ દરમિયાન ગીર સોમનાથ જિલ્લાના પ્રભાસ પાટણના વોર્ડ નંબર ૨માં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. વરસાદી પાણીથી ઢંકાયેલી ખુલ્લી ગટરમાં સાયકલ પર જઈ રહેલા એક પિતા અને તેમની સાથેના બે માસૂમ બાળકો અચાનક ખાબકી ગયા હતા. સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી અને તેનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો હતો. સદનસીબે આસપાસ હાજર લોકોએ તાત્કાલિક દોડી આવી ત્રણેયનો સુરક્ષિત બચાવ કર્યો હતો, જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી. આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકાની પ્રિમોન્સૂન કામગીરી સામે ભારે રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકોએ ખુલ્લી ગટરો સમયસર ઢાંકવામાં ન આવવી અને વરસાદ પહેલા યોગ્ય આયોજન ન કરાયું હોવાના આક્ષેપો કર્યા હતા. ભારે વરસાદને પગલે તંત્રને વધુ સતર્ક રહેવા અને નાગરિકોએ પણ બિનજરૂરી મુસાફરી ટાળવા અપીલ કરવામાં આવી છે.

## વડોદરાની માંજલપુર વિધાનસભાની પેટા ચૂંટણી જાહેર,૩૦મીએ મતદાન યોજાશે

વડોદરા,તા.૦૨

વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠક માટે ચૂંટણીપંચે પેટાચૂંટણીનો સત્તાવાર કાર્યક્રમ જાહેર કર્યો છે. ભાજપના ધારાસભ્ય યોગેશ પટેલના નિધન બાદ ખાલી પડેલી બેઠક માટે હવે ચૂંટણી પ્રક્રિયા શરૂ થશે. ૩૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ મતદાન અને ૩ ઓગસ્ટે પરિણામ જાહેર કરવામાં આવશે. ચૂંટણી પ્રક્રિયા ૪ ઓગસ્ટ સુધી પૂર્ણ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ૨ જૂને યોગેશ પટેલનું નિધન થયું અને બરાબર એક મહિને એટલે કે ૨ જુલાઈએ પેટાચૂંટણી જાહેર થઈ છે. ૧૩ જુલાઈ સુધી ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ રહેશે. ત્યારબાદ ૧૪ જુલાઈએ ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરાશે, જ્યારે ૧૬ જુલાઈ ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ રહેશે. ઉમેદવારોની અંતિમ યાદી જાહેર થયા બાદ ચૂંટણી પ્રચાર તેજ બનશે.

## રાજયની ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની અછતને લીધે વિદ્યાર્થીઓનું ભણતર જોખમમાં

અમદાવાદ,તા.૦૨

નવું શૈક્ષણિક સત્ર શરૂ થયાને એક મહિનો વીતી ગયો હોવા છતાં, ગુજરાતની ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ગંભીર અછત વર્તાઈ રહી છે. રાજ્યભરમાં ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને અંગ્રેજી જેવા મહત્વના વિષયોના શિક્ષકો ન હોવાથી વિદ્યાર્થીઓના પાયાના ભણતર



પર માઠી અસર પડી રહી છે. હાલમાં સમગ્ર રાજ્યમાં અંદાજે ૬,૦૦૦ જેટલી શિક્ષકોની જગ્યાઓ ખાલી પડી છે. સરકાર દ્વારા અંતરિયાળ વિસ્તારોમાં બદલી કે નિમણૂંકના ઓર્ડર આપવામાં આવતા હોવાથી ઘણા શિક્ષકો ત્યાં હાજર થવાનું ટાળે છે, જેને કારણે આ ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે. આ મામલે ગુજરાત રાજ્ય શાળા સંચાલક મંડળના અધ્યક્ષ ભાસ્કર પટેલે સરકારને તાત્કાલિક પ્રવાસી શિક્ષકોની પસંદગી કરવાની છૂટ આપવા રજૂઆત કરી છે, જેથી વિદ્યાર્થીઓનું શૈક્ષણિક વર્ષ બગડે નહીં.

## ગુજરાત મ્યુ.કોર્પોરેશનની ચૂંટણીમાં જીવનસાથીની સંપતિ જાહેર કરો : સુપ્રીમ

નવી દિલ્હી,તા.૦૨

ગુજરાતમાં ૨૦૧૫માં યોજાયેલી મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણી સાથે જોડાયેલા એક મહત્વના કેસમાં સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે ચૂંટણી લડતા ઉમેદવારે પોતાની સાથે પોતાના પતિ અથવા પત્નીની સંપત્તિની વિગતો પણ સોગંદનામામાં જાહેર કરવી ફરજિયાત છે. જોકે કોર્ટે જણાવ્યું કે મ્યુનિસિપલ ચૂંટણીમાં રિપ્રેઝન્ટેશન ઓફ પીપલ્સ એક્ટ, ૧૯૫૧ લાગુ પડતો નથી. જો ઉમેદવાર ખોટું અથવા અધૂરું સોગંદનામું રજૂ કરે તો તેની સામે ભારતીય દંડ સંહિતાની જોગવાઈઓ હેઠળ કાર્યવાહી થઈ શકે છે. આ કેસ પૂર્વ મ્યુનિસિપલ કાઉન્સિલર ચંદ્રિકાબેનની અપીલ સાથે સંકળાયેલો છે, જેમના પર ચૂંટણી સમયે પોતાના પતિની સંપત્તિની માહિતી છુપાવવાનો આરોપ છે.

## સુરતના જહાંગીરપુરામાં લાકડાના ધોકા મારી વૃધ્ધને પતાવી દીધા

સુરત,તા.૦૨

સુરતના જહાંગીરપુરા વિસ્તારમાં માનવતાને શર્મસાર કરતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ઓલપાડ-જહાંગીરપુરા રોડ પર ૬૦ વર્ષીય વૃધ્ધની અજાણ્યા શખ્સે લાકડાના ફટકાથી નિર્મમ હત્યા કરી નાખી હતી. સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. આ ઘટનાના આધારે જહાંગીરપુરા પોલીસે અજાણ્યા હુમલાખોર સામે હત્યાનો ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે.મળતી માહિતી મુજબ ૨૦ જૂનના રોજ વહેલી સવારે અંદાજે ૩:૨૨ થી ૩:૨૬ વાગ્યાની વચ્ચે મહાજન આમલેટ નામની દુકાનની સામે એક વૃધ્ધ કચરો વીણી રહ્યા હતા. તે દરમિયાન હાથમાં લાકડાનો ફટકો લઈને એક અજાણ્યો શખ્સ



ત્યાં પહોંચ્યો હતો. કોઈપણ પ્રકારની બોલાચાલી કે કારણ વિના તેણે વૃધ્ધ પર અચાનક આડેધડ હુમલો શરૂ કર્યો હતો. સતત ફટકા મારતા વૃધ્ધ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ જમીન પર ઢળી પડ્યા હતા.ઘટના બાદ હુમલાખોર સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. સ્થાનિક લોકોની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે આરોપીની ઓળખ મેળવવાના પ્રયાસો શરૂ કર્યા છે.

## મેડિકલ એથિક્સના ભંગ બદલ રાજયના ત્રણ સ્કિન સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો ૧૩ મહિના માટે સસ્પેન્ડ

સુરત,તા.૦૨

ગુજરાત મેડિકલ કાઉન્સિલ (GMC) દ્વારા મેડિકલ ક્ષેત્રમાં મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મેડિકલ એથિક્સના નિયમોનું ઉલ્લંઘન કરવાના આરોપોને ગંભીરતાથી લઈ રાજ્યના ત્રણ જાણીતા સ્કિન સ્પેશિયાલિસ્ટ ડોક્ટરોને ૧૩ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ સમયગાળા દરમિયાન તેમનું મેડિકલ રજિસ્ટ્રેશન પણ રદ કરવામાં આવ્યું છે. કાઉન્સિલના આ નિર્ણય બાદ તબીબી ક્ષેત્રમાં ભારે ચર્ચા શરૂ થઈ છે. સસ્પેન્ડ કરાયેલા ડોક્ટરોમાં સુરતના ડો. જગદીશકુમાર સખિયા, ડો. અમી શાહ તેમજ અમદાવાદના ડો. ગીતા પટેલનો સમાવેશ થાય છે. ત્રણેય ડોક્ટરો સામે મેડિકલ એથિક્સના નિયમોનું પાલન ન કરવાના અને વ્યાવસાયિક આચારસંહિતાનો ભંગ કરવાના આરોપો નોંધાયા હતા. ફરિયાદોની તપાસ અને ઉપલબ્ધ પુરાવાઓના આધારે ગુજરાત મેડિકલ કાઉન્સિલે કડક કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો હતો. કાઉન્સિલના આદેશ મુજબ સસ્પેન્શનના ૧૩ મહિના દરમિયાન ત્રણેય ડોક્ટરો કોઈપણ પ્રકારની મેડિકલ પ્રેક્ટિસ કરી શકશે નહીં. તેમની નોંધણી પણ અમાન્ય રહેશે. મેડિકલ વ્યવસાયમાં નૈતિકતા અને દર્દીઓના હિતોને સર્વોચ્ચ સ્થાન આપવા માટે આ કાર્યવાહી મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. કાઉન્સિલે સ્પષ્ટ કર્યું છે કે મેડિકલ વ્યવસાયમાં આચારસંહિતાનું ઉલ્લંઘન કરનાર કોઈપણ તબીબ સામે ભવિષ્યમાં પણ નિયમો મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે.

## ફોજદારી કેસોમાં આરોપી નિર્દોષ છૂટશે તો પોલીસ અને સરકારી વકીલો સામે થશે તપાસ

ગાંધીનગર,તા.૦૨

ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા ન્યાય પ્રક્રિયાને વધુ સદ્રઢ બનાવવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. હવે રાજ્યમાં ફોજદારી કેસોમાં આરોપીઓ નિર્દોષ છૂટવાના કિસ્સાઓમાં તપાસ કરનાર પોલીસ અધિકારીઓ અને પબ્લિક પ્રોસિક્યુટર (સરકારી વકીલ)ની ભૂમિકાની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવશે. જો તપાસ કે પ્રોસિક્યુશનમાં કોઈ પણ પ્રકારની બેદરકારી કે ક્ષતિ જણાશે, તો જવાબદાર અધિકારીઓ સામે કડક વિભાગીય કાર્યવાહી કરાશે.આ માટે ગૃહ વિભાગે ડિરેક્ટર ઓફ પ્રોસિક્યુશન, ડીજીપી (લો એન્ડ ઓર્ડર) અને બે નાયબ સચિવ કક્ષાના ઉચ્ચ અધિકારીઓ સહિત કુલ ચાર સભ્યોની સમિતિની રચના કરી છે. આ ઉચ્ચ સ્તરીય સમિતિ નિર્દોષ છૂટેલા કેસોની ફાઈલો તપાસીને પુરાવા એકત્ર કરવામાં કે કોર્ટમાં કેસ રજૂ કરવામાં રહી ગયેલી ખામીઓનું કારણ નક્કી કરશે. આ તમામ સવાલો પર તપાસ થશે. આ નિર્ણયનો મુખ્ય હેતુ તપાસ પ્રક્રિયામાં પારદર્શિતા લાવવાનો છે.

## અમદાવાદના અમરાઈવાડીમાં પાણીના પીપના ઢાંકણાની બાબતે આધેડની હત્યા


અમદાવાદ,તા.૦૨

અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં પાણીના પીપના ઢાંકણાને લઈને થયેલી સામાન્ય બોલાચાલી જીવલેણ બની હતી. વાઘજીભાઈ એસ્ટેટમાં રહેતા કિશનભાઈએ ઘરની બહાર પાણીના પીપનું ઢાંકણું નીચે પડી જતાં એક યુવકને ટોક્યો હતો. આ મુદ્દે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી, જે બાદ મામલો શાંત થયો હતો. જોકે થોડા સમય પછી આરોપી ફરી પરત આવી ધારદાર હથિયારથી કિશનભાઈ પર હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘાયલ કિશનભાઈનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. અમરાઈવાડી પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ અને સાક્ષીઓના આધારે તપાસ શરૂ કરી છે. સ્થાનિકોમાં ઘટનાને લઈને ભય અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

## ડ્રગ્સ સ્મગલિંગ કેસમાં ઐતિહાસિક ચુકાદો : ૧૮ પાક.એક અફઘાન નાગરિકને ૨૦ વર્ષની સજા

(એચ.એસ.),ભુજ,તા.૦૨

ગુજરાત દરિયાઈ માર્ગે થતી નશાકારક પદાર્થોની હેરાફેરી સામે ભુજની સ્પેશિયલ એનડીપીએસ કોર્ટે મોટો ચુકાદો આપ્યો છે. કુલ ૫૭૫ કરોડના હેરોઈન સ્મગલિંગના ત્રણ અલગ-અલગ કેસમાં કોર્ટે ૧૮ પાકિસ્તાની અને ૧ અફઘાન નાગરિક સહિત ૧૯ આરોપીઓને ૨૦ વર્ષની સખત કેદ અને પ્રત્યેકને ૨ લાખ



રૂપિયાનો દંડ ફટકાર્યો છે. વર્ષ ૨૦૨૦, ૨૦૨૧ અને ૨૦૨૨ દરમિયાન ગુજરાત એટીએસ, કોસ્ટ ગાર્ડ અને સ્થાનિક પોલીસે સંયુક્ત ઓપરેશન કરીને આ ડ્રગ્સ નેટવર્ક ઝડપ્યું હતું. અદાલતે આ ગુનાને દેશની આંતરિક સુરક્ષા માટે ગંભીર ગણાવી તમામ સજાઓ એક પછી એક અલગ-અલગ ભોગવવાનો કડક આદેશ કર્યો છે.

25 વર્ષથી આપનો વિશ્વાસુ જ્વેલર
ઉત્તમ કારીગરી • સર્ટીફાઈડ જ્વેલરી • પારદર્શી વ્યવહાર
સોનું ઝાડ પર નથી ઉગતું !





MGA
મધુવન
Since : 2000
ગોલ્ડ આર્ટ
ટાવર રોડ, અમરેલી. 02792 - 222208 94264 23006
madhuvangold.in

## સુરતના નાસીરનગર ડિમોલેશન વિવાદ વચ્ચે ૬ પોલીસ અધિકારીઓને આઈપીએસમાં પ્રમોશન

(એચ.એસ.એલ),સુરત,તા.૦૨

કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયે ગુજરાત પોલીસ સેવાના છ અધિકારીઓને ભારતીય પોલીસ સેવા (આઈપીએસ)માં પ્રમોશન આપ્યું છે. તેમાં સુરતના ડીસીપી રાજદીપસિંહ નકુમનો પણ સમાવેશ થાય છે, જેઓ નાસીરનગર ડિમોલેશન વિવાદને કારણે ચર્ચામાં રહ્યા હતા. ગુજરાત હાઈકોર્ટે આ કેસની સુનાવણી દરમિયાન પોલીસ અને સુરત મહાનગરપાલિકાની



કામગીરી અંગે કડક સવાલો ઉઠાવ્યા હતા. કોર્ટની ટિપ્પણીઓના માત્ર એક અઠવાડિયા બાદ પ્રમોશન જાહેર થતાં નિર્ણયને લઈને ચર્ચા તેજ બની છે. અન્ય પ્રમોશન મેળવનારા અધિકારીઓમાં ભરતકુમાર રાઠોડ, રાકેશ દેસાઈ, કલ્પેશ ચાવડા, પ્રફુલ વાણિયા અને રાજેશકુમાર પરમારનો સમાવેશ થાય છે.

HONDA સ્ટાફ જોઈએ છે
The Power of dreams સપનાઓ થશે સાકાર...
(1) P.D.I. બોય ..........................05
(2) મિકેનિક..................................05
(3) હેલ્પર.....................................05
રસ ધરાવતા વ્યક્તિઓએ રૂબરૂ સંપર્ક કરવો
સંપર્ક સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦, સાંજે ૫:૦૦ થી ૭:૦૦
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ,
અમરેલી, Mo.94267 16241 / 63565 65721
રીઝયુમ parikhautomobilesamreli@gmail.com ઉપર મોકલશો